પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ અંક : ૩૦૫ કુલ પાના : ૪ તારીખ : ૨૦-૦૮-૨૦૨૪ મંગળવાર કિંમત રૂ.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## સીબીઆઈએ કોલકાતા પોલીસના કેટલાક અધિકારીઓ સહિત ૨૦ થી વધુ લોકોની પૂછપરછ કરી તપાસ કરી

કોલકતા,

કોલકાતાની આરજી કાર હોસ્પિટલમાં મહિલા ડૉક્ટર પર બળાત્કાર અને હત્યાના કેસમાં સીબીઆઈ તપાસ ચાલી રહી છે. તે જ સમયે, ડોકટરો તેમની સુરક્ષાને લઈને માંગ કરી રહ્યા છે. તેઓ આ માટે નવો કાયદો ઈચ્છે છે અને પદ્મ પુરસ્કાર મેળવનાર ૭૦ ડોક્ટરોએ પીએમ મોદીને પત્ર લખ્યો છે. આ દરમિયાન સીબીઆઈએ આરજી કાર હોસ્પિટલના પૂર્વ પ્રિન્સિપાલ સંદીપ ઘોષની પૂછપરછ કરી હતી અને આરોપીનો મનોવૈજ્ઞાનિક ટેસ્ટ પણ કરાવ્યો હતો. સંજય રાયનો આજે ફરી મનોવૈજ્ઞાનિક પરીક્ષણ કરવામાં આવશે. આ ટેસ્ટનો પ્રથમ તબક્કો થઈ ગયો છે. સીબીઆઈએ કોલકાતા પોલીસના




કેટલાક અધિકારીઓ સહિત ૨૦થી વધુ લોકોની પૂછપરછ કરી છે. સીબીઆઈએ ઘટના સ્થળનું ૩ડી મેપિંગ કર્યું છે અને ત્રીજા દિવસે આરજી કાર કોલેજના પૂર્વ પ્રિન્સિપાલની પૂછપરછ કરી છે.સીબીઆઈ દ્વારા સંદીપ ઘોષની ૧૦ કલાક પૂછપરછ કરવામાં આવી હતી. અત્યાર સુધી સંદીપ ઘોષની ૩૬ કલાક પૂછપરછ કરવામાં આવી છે. તેની કોલ ડિટેઈલ અને ચેટની પણ તપાસ કરવામાં આવી છે.

સીબીઆઈના એક અધિકારીએ જણાવ્યું કે ઘોષ, જેઓ સતત ત્રીજા દિવસે સીબીઆઈ અધિકારીઓ સમક્ષ હાજર થયા હતા, તેમને હોસ્પિટલમાં ઘટના પહેલા અને પછી કરવામાં આવેલા ફોન કોલ્સની વિગતો આપવા માટે કહેવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે અધિકારીઓ ઘોષની કોલ ડિટેઈલ અને ડેટા વપરાશની માહિતી મેળવવા મોબાઈલ ફોન સર્વિસ પ્રોવાઈડરનો સંપર્ક કરવા વિચારી રહ્યા છે. સીબીઆઈએ શનિવારે મોડી રાત સુધી ઘોષની લગભગ ૧૩ કલાક પૂછપરછ કરી હતી. ઘોષ રવિવારે સવારે ૧૧ વાગ્યે ફરીથી સોલ્ટ લેકના ઝર્ઈ કોમ્પ્લેકસમાં સીબીઆઈ ઓફિસ પહોંચ્યા.

"અમારી પાસે તેમને પૂછવા માટે પ્રશ્નોની સૂચિ છે," સીબીઆઈ અધિકારીએ જણાવ્યું હતું કે, ઘોષને ડૉક્ટરના મૃત્યુના સમાચાર મળ્યા પછી તેમની ભૂમિકા સ્પષ્ટ કરવા કહેવામાં આવ્યું છે, તેમણે કોનો સંપર્ક કર્યો હતો અને (પીડિતાના માતાપિતાને શા માટે રાહ જોવા માટે બનાવવામાં આવ્યા હતા? લગભગ ત્રણ કલાક? અધિકારીના જણાવ્યા મુજબ, ભૂતપૂર્વ પ્રિન્સિપાલને પણ પૂછવામાં આવ્યું હતું કે ઘટના પછી હોસ્પિટલના ઈમરજન્સી બિલ્ડિંગના સેમિનાર રૂમની નજીકના રૂમના સમારકામનો આદેશ કોણે આપ્યો હતો. "અમે એ જાણવાનો પ્રયાસ કરી રહ્યા છીએ કે શું આ ગુના પાછળ કોઈ કાવતરું હતું કે શું તે અગાઉથી આયોજન કરવામાં આવ્યું હતું," તેમણે કહ્યું. પ્રિન્સિપાલ શું કરી રહ્યા હતા અને શું તેઓ આ ઘટનામાં કોઈ રીતે સામેલ હતા?

સીબીઆઈ અધિકારીના જણાવ્યા મુજબ, ઘોષના જવાબો ઘટનાની રાત્રે છાતીની દવા વિભાગમાં ફરજ પર હાજર અન્ય ડોકટરો અને તાલીમાર્થીઓના નિવેદનો સાથે મેળ ખાશે. સીબીઆઈએ તેની તપાસના સંદર્ભમાં અત્યાર સુધીમાં કોલકાતા પોલીસના કેટલાક અધિકારીઓ સહિત ૨૦ થી વધુ લોકોની પૂછપરછ કરી છે. ઘોષે રવિવારે મોડી રાત્રે સોલ્ટ લેકમાં ઝર્ઈ કોમ્પ્લેકસમાં સીબીઆઈ ઓફિસમાંથી બહાર નીકળતી વખતે મીડિયાના પ્રશ્નોના જવાબ આપવાનો ઈનકાર કર્યો હતો.

કોલકાતા પોલીસે સોશિયલ મીડિયા પર ખોટી માહિતી પર તેની કાર્યવાહીને વધુ તીવ્ર બનાવી છે, જેની વિરોધ પક્ષે અસંમતિના અવાજને દબાવવાના પ્રયાસ તરીકે ટીકા કરી છે. કોલકાતા પોલીસે ભારતીય જનતા પાર્ટીના ભૂતપૂર્વ સાંસદ લોકેટ ચેટર્જી, તૃણમૂલ કોંગ્રેસના સાંસદ સુખેન્દુ શેખર રોય અને બે જાણીતા ડૉક્ટરોને અફવાઓ ફેલાવવાના અને કેસમાં પીડિત મહિલા ડૉક્ટરની ઓળખ છતી કરવાના આરોપસર સમન્સ જારી કર્યા છે. અધિકારીઓએ જણાવ્યું કે આ લોકો સિવાય પોલીસે ઘટના વિશે ખોટી માહિતી ફેલાવવા બદલ અન્ય ૫૭ લોકોને પણ સમન્સ જારી કર્યા છે. તેમણે કહ્યું કે આ લોકો પર પીડિતાની ઓળખ છતી કરવાનો, અફવા ફેલાવવાનો અને ફેક ન્યૂઝ ફેલાવવાનો આરોપ છે.

હુગલી મતવિસ્તારના પૂર્વ ભાજપના સાંસદ ચેટરજીએ કહ્યું કે તેમને હજુ સુધી કોઈ સમન્સ મળ્યું નથી. તેમણે કહ્યું હતું કે, “તેઓએ કેસની તપાસ કરતી વખતે આ જ તત્પરતા દાખવી હોત તો સારું થાત. દરેક વ્યક્તિ છોકરી માટે ન્યાય ઈચ્છે છે.’’ કોલકાતા પોલીસ કમિશનર વિનીત ગોયલે શુક્રવારે એક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું હતું કે ઘણી અફવાઓ ફેલાવવામાં આવી રહી છે, જેના કારણે તેમની તપાસને અસર થઈ છે અને કાયદો અને વ્યવસ્થા માટે જોખમ ઊભું થયું છે. ૯ ઓગસ્ટે બનેલી ઘટનાના સંબંધમાં બીજા દિવસે એક નાગરિક સ્વયંસેવકની ધરપકડ કરવામાં આવી હતી. આ ઘટનાના વિરોધમાં ચાલી રહેલા વિરોધને ધ્યાનમાં રાખીને, પોલીસે આરજી કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલ નજીક પ્રતિબંધિત આદેશો લાગુ કર્યા છે, જે હેઠળ ૨૪ ઓગસ્ટ સુધી પાંચથી વધુ લોકોના એકઠા થવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

## મોદીનો રક્ષાબંધન પર સંદેશ, રાહુલ ગાંધીએ પ્રિયંકા સાથેના બાળપણનો ફોટો કર્યો શેર

નવીદિલ્હી,

દેશભરમાં રક્ષાબંધનનો તહેવાર ઉજવવામાં આવ્યો છે આ ખાસ અવસર પર દેશના ઘણા મોટા નેતાઓએ લોકોને શુભેચ્છા પાઠવી છે. રાષ્ટ્રપતિથી લઈને લોકસભામાં વિપક્ષના નેતા સુધી રાહુલ ગાંધીએ પણ રક્ષાબંધન પર લોકોને ખાસ સંદેશો આપ્યા હતા. આ સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ દેશવાસીઓને રક્ષાબંધનની શુભકામના પાઠવી હતી.

કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પ્રિયંકા ગાંધી સાથે પોતાની એક તસવીર શેર કરી છે આ રક્ષાનો દોર હંમેશા તમારા પવિત્ર સંબંધને મજબૂતીથી જોડાયેલો રાખે.પ્રિયંકા ગાંધીએ એકસ પર રાહુલ ગાંધી સાથેની તેમની જૂની તસવીરો પણ શેર કરી અને લખ્યું, ભાઈ-બહેનનો સંબંધ એક ફૂલના પલંગ જેવો છે જેમાં




આદર, પ્રેમ અને પરસ્પર સમજણના પાયા પર વિવિધ રંગોની યાદો ઉગે છે મિત્રતા અને મિત્રતા વધુ ગાઢ બનાવવાનો સંકલ્પ ખીલે છે. ભાઈઓ અને બહેનો સંઘર્ષના સાથી છે, સ્મૃતિઓના સાથી છે અને સંગવારીના અનુયાયીઓ છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પણ આ ખાસ અવસર પર દેશવાસીઓને સંદેશ આપ્યો હતો. તેમણે લખ્યું, રક્ષાબંધનના શુભ અવસર પર, હું તમામ દેશવાસીઓને મારા હૃદયપૂર્વક અભિનંદન અને શુભકામનાઓ આપું છું. ભાઈઓ અને બહેનો વચ્ચેના પ્રેમ અને પરસ્પર વિશ્વાસની લાગણી પર આધારિત આ તહેવાર તમામ બહેનો અને પુત્રીઓ પ્રત્યે સ્નેહ અને આદરની લાગણીનો સંચાર કરે છે. આ તહેવારના દિવસે હું ઈચ્છું છું કે, તમામ દેશવાસીઓ આપણા સમાજમાં મહિલાઓની સુરક્ષા અને સન્માન સુનિશ્ચિત કરવાની પ્રતિજ્ઞા લે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરી સૌ કોઈને શુભકામના પાઠવી હતી. મોદીએ કહ્યું કે, રક્ષાબંધન પર તમામ દેશવાસીઓને ખૂબ ખૂબ શુભેચ્છાઓ, આ તહેવાર ભાઈ અને બહેન વચ્ચેના અપાર પ્રેમનું પ્રતીક છે. આ પવિત્ર તહેવાર તમારા સંબંધોમાં નવી મધુરતા લાવે અને તમારા જીવનમાં સુખ, સમૃદ્ધિ અને સૌભાગ્ય લાવે.રક્ષાબંધનના તહેવાર પ્રસંગે શાળાની છોકરીઓ પીએમ આવાસ પર પહોંચી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હાથ પર રાખડી બાંધી. વિદ્યાર્થીનીઓએ પીએમ મોદીના હાથ પર જે રાખડી બાંધી છે તેના પર તેમની સ્વર્ગસ્થ માતાનો ફોટો છે. આ ખાસ રાખીના ફોટોમાં પીએમ મોદી પોતાની માતાના પગ ધોતા જોવા મળે છે.

## સુમુલ ડેરીને કેન્દ્રીય પ્રધાન નિતિન ગડકરીના હસ્તે શ્રેષ્ઠ ડેરીનો એવોર્ડ



સુરત,

સુરતની સુમુલ ડેરીને શ્રેષ્ઠ ડેરીનો એવોર્ડ અપાયો છે. ઈન્ડિયન ડેરી એસોસિયેશન દ્વારા એવોર્ડ અપાયો છે. કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરીના હસ્તે એવોર્ડ અપાયો છે. અઢી લાખ પશુપાલકો દૂધ ઉત્પાદન થકી રોજગાર મેળવે છે. પશુપાલકો દરરોજ ૧૨ કરોડ રૂપિયાની આવક મેળવે છે.

ઈન્ડિયન ડેરી એસોસિએશન દ્વારા નવી પારડી યુનિટમાં ઉપયોગમાં લેવાતી શ્રેષ્ઠ આધુનિક ટેકનોલોજીનો ઉપયોગની સરાહનીય કામગીરીને બિરદાવવામાં આવી છે. આખા દેશમાં શ્રેષ્ઠ યુનિટ તરીકે એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. સુમુલ ડેરી દ્વારા સમયના પ્રવાહની સાથે ટેકનોલોજીમાં ધરખમ વધારો કરવામાં આવ્યો છે. જેના પરિણામ સ્વરૂપે શ્રેષ્ઠ કામગીરી થઈ રહી છે અને તેનું પરિણામ પણ સારું આવી રહ્યું છે.

સુમુલ ડેરીને મળેલો એવોર્ડ સુરત તાપી જિલ્લાના પશુપાલકો માટે ગૌરવની વાત છે. ઈન્ડિયન ડેરી એસોસિયેશન દ્વારા શ્રેષ્ઠ ડેરીનો એવોર્ડ સુમુલને અપાયો છે. કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીના હસ્તે સુમુલને એવોર્ડ આપવામાં આવ્યો છે. સુમુલના ચેરમેન માનસિંગ પટેલ સહિત ડિરેક્ટરોએ એવોર્ડ સ્વીકાર્યો છે. સુમુલ ડેરીના નવી પારડી પ્લાન્ટ પ્રતિ દિવસ પાંચ લાખ લિટરની ક્ષમતા અને અદ્યતન ટેકનિકલ સાધનો સાથે સ્થાપિત છે અને ઉર્જા કાર્યક્રમ કામગીરીને ધ્યાને લઈ વેસ્ટ ઝોન ડેરીમાં સુમુલ પ્રથમ ક્રમે આવ્યું છે.

## બંગાળમાં રાષ્ટ્રપતિ શાસનની તૈયારી શરૂ? રાજ્યપાલે અમિત શાહને મળવા માંગ્યો સમય

કોલકતા

કોલકાતાની સરકારી આરજી કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં તાલીમાર્થી મહિલા ડૉક્ટર સાથે બળાત્કાર અને હત્યાના વિરોધમાં દેશના ઘણા ભાગોમાં ઘણા દિવસોથી સતત વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે. આ ઘટના બાદ રાજ્યની મમતા સરકારને વિપક્ષની સાથે તેના જ લોકો દ્વારા નિશાન બનાવવામાં આવી રહી છે. આજે પણ આ મુદ્દે દિલ્હીમાં તબીબો વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે.

આ બળાત્કાર અને હત્યા બાદ આરજી કાર હોસ્પિટલમાં તોડફોડના કેસમાં સતત ધરપકડ કરવામાં આવી રહી છે. તોડફોડના આ કેસમાં વધુ ૫ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ કેસમાં અત્યાર સુધીમાં કુલ ૩૭ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

પશ્ચિમ બંગાળના રાજ્યપાલ સી.વી. આનંદ બોઝે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી જે.પી.નડ્ડા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને મળવા માટે સમય માંગ્યો છે. સમય મળતાં જ તેઓ દિલ્હી જશે. રાજ્યપાલ સી.વી. આનંદ બોઝે કહ્યું, "બંગાળ મહિલાઓ માટે સુરક્ષિત સ્થળ નથી. બંગાળ મહિલાઓને નિરાશ કરી ચુક્યું છે. સમાજ નહીં, પરંતુ વર્તમાન સરકારે તેની મહિલાઓને નિરાશ કરી છે. બંગાળને તેના પ્રાચીન વૈભવમાં પાછું લાવવું જોઈશે, જ્યાં મહિલાઓનું સમાજમાં સન્માનજનક સ્થાન હતું. મહિલાઓ હવે ગુંડાઓથી ડરે છે. સરકારઆ મુદ્દા પ્રત્યે સંવેદનહીન છે અને સમાજમાં ડરબુ વાતાવરણ સર્જાયું છે."

## નકલી પાસપોર્ટથી યુએસ જતા ચાર ગુજરાતી ઝડપાયા, તપાસ શરૂ કરાઈ

મહેસાણા

અમેરિકામાં ડિંગુચા પરિવાર સાથે થયેલી ઘટના બાદ પણ ગુજરાતીઓની વિદેશ જવાની ઘેલછા જાણે બંધ થવાનું નામ નથી લઈ રહી. વિદેશ જવાની લાલચમાં ગેરકાયદેસર રીતનો ઉપયોગ કરવામાં જાણે લોકોને ડર જ રહ્યો નથી. ફરી એકવાર નકલી પાસપોર્ટથી યુએસ જતા ચાર ગુજરાતી મુંબઈથી ઝડપાયા છે.

ગેરકાયદેસર રીતે વિદેશ જઈ રહેલા બે મહિલા, એક વરિષ્ઠ નાગરિક, એક તરુણ સહિત ચાર લોકોને ઝડપી લેવામાં આવ્યા છે. તાંઝાનિયામાં ચારની પૂછપરછ બાદ નકલી પાસપોર્ટનો ઘટસ્ફોટ થયો છે. ચારમાંથી ત્રણની પાસેથી બે-બે પાસપોર્ટ મળી આવ્યા છે. ગીતા ચૌધરી, ભારતી ચૌધરી, અંશ ચૌધરી પાસેથી નકલી પાસપોર્ટ મળી આવ્યા છે. આરોપીઓ અસલી પાસપોર્ટ પર તાંઝાનિયા પહોંચ્યા હતા. જે પછી આરોપીઓનો તાંઝાનિયાથી નકલી પાસપોર્ટ પર યુએસ જવાનો કારસો હતો.રમેશ ઠાકોર નામનો શખ્સ હેન્ડલર તરીકે કામ કરતો હોવાનો ઘટસ્ફોટ થયો છે. પકડાયેલા ચારેયને તાંઝાનિયાથી મુંબઈ ડિપોર્ટ કરવામાં આવ્યા હતા. મુંબઈ ડિપોર્ટ થયા બાદ ચારેયની ધરપકડ કરવામાં આવી છે. પૂછપરછ બાદ વધુ ખુલાસા સામે આવી શકે છે.

## મૃતક સહિત ૫૦ લોકોના નામે જોબકાર્ડ બનાવી મનરેગામાં મજૂરોના પૈસા પડાવવાનું મસમોટું કૌભાંડ!

વડોદરા,

વડોદરા જિલ્લામાં મનરેગા યોજનામાં મસમોટું કૌભાંડ સામે આવ્યું છે. સમસાબાદ ગામમાં મૃતક સહિતના ૫૦ લોકોના નામે જોબ કાર્ડ બનાવવામાં આવ્યું અને તેમના ખાતામાં જે પૈસા આવ્યા તે બારોબાર ઉપાડી લેવામાં આવ્યા. હદ તો ત્યારે થઈ જ્યારે બે વર્ષ પહેલા મૃત્યુ પામેલા ગંગાબેન પાટણવાડિયાનું આ કૌભાંડીઓએ જોબકાર્ડ બનાવ્યું. કાગળ ૭૫ દિવસની હાજરી બતાવી કામ બતાવ્યું અને પછી જે પૈસા મળ્યા એ ઉપાડી લીધા. આ રીતે ૧૭હજાર૯૨૫ રૂપિયા ઉપાડી લેવામાં આવ્યા. આવી જ રીતે ૫૦ -૫૦ લોકો, જેમણે કામ કર્યું છે પરંતુ આજ દિવસ સુધી તેમને જોબકાર્ડ કે એટીએમ કાર્ડ નથી આપવામાં આવ્યા.



ગામનું તળાવ ઊંડું કરી માટી સ્મશાનો, મંદિર તેમજ વણકર વાસમાં નાખવાની હતી. ગામના જ તત્કાલીન તલાટી ઊર્મિલાબેન શાહ, સરપંચ કિશન રાઠોડે ગામના ૫૦ લોકોની યાદી બનાવી જોબ કાર્ડ બનાવ્યા હતા, જેમાં મૃતક ગંગાબેનનુ પણ જોબકાર્ડ બન્યું હતું. જે બાદ કૌભાંડીઓ ગંગાબેનના અશિક્ષિત પુત્ર પાસેથી જોબકાર્ડ અને એટીએમ કાર્ડ અધિકારીને બતાવવાનું છે એમ કહી લઈ ગયા હતા. ત્યારે ગંગાબેનના ખાતામાંથી છ્ર્સ કાર્ડથી રૂપિયા ઉપાડી જતાં સમગ્ર કૌભાંડનો ભાંડો ફૂટ્યો હતો.

મોટી વાત એ છે કે, આ તમામ લોકોએ કામ સુજલામ સુફલામ યોજનામાં કર્યું અને આ કૌભાંડીયાઓએ મળીને તમામ કામ મનરેગા યોજનામાં બતાવ્યા. આ વાતનો ખુલાસો ખુદ સરપંચે કર્યો છે. જો કે, ફરિયાદ છતા સરપંચ ફરાર છે. વરણામા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ થતાં તપાસ શરૂ થઈ છે. આ કૌભાંડમાં મોટા માથાઓની સંડોવણીની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. પરંતુ સૌથી મોટી હકીકત એ છે કે, આ ગરીબ શ્રમિકોએ કામ કર્યું અને તેમના હકના પૈસા માલેતુજાર અધિકારીઓ ખાઈ ગયા. કૌભાંડનો ખુલાસો થતા તાલુકા વિકાસ અધિકારી માધુરીબેન પટેલની સરકારે બદલી કરી દીધી છે. સરકારે ટીડીઓ0 સહિત ત્રણ કર્મચારીઓની બદલી કરી દીધી છે ટીડીઓ માધુરીબેન પટેલ સામે કૌભાંડીઓને બચાવવાના આરોપો લાગ્યા છે. કૌભાંડીઓ સામે કાર્યવાહી કરવાના બદલે ટીડીઓ, સરપંચ અને તલાટીએ મળી ફરિયાદીને રૂપિયા પરત કરવાની નોટિસ કરી, શંકાના દાયરામાં રહેલા ટીડીઓ માધુરીબેન પટેલને જ ફરિયાદી બનાવતાં અનેક સવાલો ઉઠ્યા છે.અને મોટી વાત એ છે કે ટીડીઓની બદલી કરાઈ પણ સસ્પેન્ડ ન કર્યા.

આ કૌભાંડ પર સમસાબાદના ડેપ્યુટી સરપંચે નિવેદન આપ્યું છે. તેમનો દાવો છે કે, તેઓ કૌભાંડ વિશે કાંઈ જાણતા નથી. તેઓ સરપંચ અને તલાટી સાથે વાત કરી લેશે. ડેપ્યુટી સરપંચનું કહેવું છે કે, ગ્રામજનોએ કામ કર્યું છે તો તેમને પૈસા મળવા જોઈએ. જેણે કૌભાંડ કર્યું છે તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવી જોઈએ.

## દેશમાં દર ૧૬ મિનિટે એક મહિલા સાથે રેપ થાય છે ,એનસીઆરબીનો રિપોર્ટ

નવીદિલ્હી,

તાજેતરમાં કોલકાતાની આરજી કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં એક મહિલા તાલીમાર્થી ડોક્ટર સાથે બળાત્કાર અને હત્યાની ઘટનાએ સમગ્ર દેશને ચોંકાવી દિધો છે. ન્યાયની માંગણી સાથે જુનિયર તબીબોએ વિરોધ પ્રદર્શન કરી કામ બંધ કરી દીધું હતું. પોલીસે આ કેસમાં આરોપી સંજય રોયની ધરપકડ કરી છે. કલકત્તા હાઈકોર્ટે આ કેસ સીબીઆઈને ટ્રાન્સફર કરી દીધો છે.

એનસીઆરબીના રિપોર્ટ અનુસાર, મહિલાઓ સામેના અપરાધિક કેસોમાં 'પતિ કે તેના સંબંધીઓ દ્વારા ક્રૂરતા', 'મહિલાઓનું અપહરણ અને બળજબરીથી લઈ જવા', 'મહિલાઓ પર હુમલા' 'બળાત્કાર' જેવા કેસો મોટો હિસ્સો ધરાવે છે. ૨૦૧૨ની દિલ્હીની ઘટનાની આસપાસના વર્ષોમાં, દ્ગઝઈમ્એ સમગ્ર ભારતમાં વાર્ષિક ૨૫,૦૦૦ જેટલા બળાત્કારના કેસ નોંધ્યા હતા. ત્યારથી ૨૦૧૬ માં લગભગ ૩૯,૦૦૦ કેસોની નોંધપાત્ર ટોચ સાથે, સંખ્યા સતત ૩૦,૦૦૦ ને વટાવી ગઈ છે.કોવિડ-૧૯ રોગચાળા દ્વારા ચિહ્નિત થયેલ વર્ષ ૨૦૨૦ માં અસ્થાયી ઘટાડો જોવા મળ્યો, પરંતુ આંકડાઓ ઝડપથી ફરી વધી ગયા.

એક સરકારી અહેવાલ મુજબ, ૨૦૧૮માં દર ૧૫ મિનિટે સરેરાશ એક મહિલાએ બળાત્કારની ફરિયાદ કરી હતી. ૨૦૨૨માં, સૌથી તાજેતરના વર્ષ કે જેના માટે ડેટા ઉપલબ્ધ છે, ૩૧,૦૦૦થી વધુ બળાત્કાર નોંધાયા હતા.રિપોર્ટ દર્શાવે છે કે ૨૦૨૨ માં ભારતમાં મહિલાઓ વિરુદ્ધ ૪,૪૫,૨૫૬ કેસ નોંધાયા હતા, જે દર કલાકે ૫૧ કેસની સમકક્ષ છે. આ આંકડાઓ પરથી સ્પષ્ટ થાય છે કે મહિલાઓ વિરુદ્ધના ગુનાઓમાં ન્યાયિક પ્રક્રિયામાં માત્ર વિલંબ જ નથી થતો પરંતુ દોષિત ઠેરવવાનો દર પણ ઘણો ઓછો છે. આ સ્થિતિ સુધારવા માટે, પોલીસ અને ન્યાયતંત્ર બંનેએ સાથે મળીને કામ કરવાની જરૂર છે જેથી કરીને મહિલાઓ સામેના ગુનાઓને રોકવા માટે અસરકારક પગલાં લઈ શકાય.

૨૦૨૨માં સમગ્ર દેશમાં બળાત્કારના કુલ ૩૧,૫૧૬ કેસ નોંધાયા હતા, જેનો અર્થ છે કે દર ૧૬ મિનિટે એક કેસ નોંધાયો હતો. નીચેના રાજ્યોમાં સૌથી વધુ કેસ નોંધાયા છેઃ રાજસ્થાનઃ ૫,૩૯૯ કેસ,ઉત્તર પ્રદેશઃ ૩,૬૯૦ કેસ,મધ્ય પ્રદેશઃ ૩,૦૨૯ કેસ,મહારાષ્ટ્રઃ ૨,૯૦૪ કેસ,આસામઃ ૧,૧૧૩ કેસ નોંધાયા છે આ આંકડાઓ પરથી સ્પષ્ટ થાય છે કે મહિલાઓ વિરુદ્ધના ગુનાઓમાં ન્યાયિક પ્રક્રિયામાં માત્ર વિલંબ જ નથી થતો પરંતુ દોષિત ઠેરવવાનો દર પણ ઘણો ઓછો છે. આ સ્થિતિ સુધારવા માટે, પોલીસ અને ન્યાયતંત્ર બંનેએ સાથે મળીને કામ કરવાની જરૂર છે જેથી કરીને મહિલાઓ સામેના ગુનાઓને રોકવા માટે અસરકારક પગલાં લઈ શકાય.એનસીઆરબીના ડેટા અનુસાર, ૨૦૧૮ થી ૨૦૨૨ દરમિયાન બળાત્કારના કેસ માટે દોષિત ઠેરવવાનો દર ઓછો રહ્યો છે, જે ૨૭ ટકા અને ૨૮ ટકાની વચ્ચે છે. ગંભીર ગુનાઓમાં આ બીજો સૌથી નીચો દર છે, જેમાં ખૂન, અપહરણ અને ગંભીર ઈજા પહોંચાડવાનો પણ સમાવેશ થાય છે.

## ઈમરજન્સી પછી ભારતીયોએ વસ્તી નિયંત્રણ પર ધ્યાન આપ્યું ન હતું, ઈન્ફોસિસના સ્થાપક

નવીદિલ્હી,

ઈન્ફોસિસના સહ-સ્થાપક એનઆર નારાયણ મૂર્તિએ વધતી જતી વસ્તીને દેશ માટે એક મોટો પડકાર ગણાવતા કહ્યું કે, કટોકટી પછી ભારતીયોએ વસ્તી નિયંત્રણ પર ધ્યાન આપ્યું નથી.

મૂર્તિએ પ્રયાગરાજમાં મોતીલાલ નેહરુ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજીના દીક્ષાંત સમારોહ દરમિયાન આ ટિપ્પણી કરી હતી, જ્યાં તેઓ મુખ્ય અતિથિ હતા. મૂર્તિએ જણાવ્યું હતું કે, "ભારત વસ્તી, માથાદીઠ જમીનની ઉપલબ્ધતા અને આરોગ્ય સુવિધાઓને લગતા પડકારોનો સામનો કરે છે."

મૂર્તિએ કહ્યું, "કટોકટી પછીથી, અમે ભારતીયોએ વસ્તી નિયંત્રણ પર પૂરતું ધ્યાન આપ્યું નથી. તેનાથી આપણા દેશને અસ્થિર કરવાનો ભય છે. તેની સરખામણીમાં, યુએસ, બ્રાઝિલ અને ચીન જેવા દેશોમાં માથાદીઠ જમીનની ઉપલબ્ધતા ઘણી વધારે છે."

મૂર્તિએ એ વાત પર પણ ભાર મૂક્યો કે સાચા વ્યાવસાયિકની જવાબદારી દેશની પ્રગતિમાં યોગદાન આપવાની છે. "આ યોગદાન ઉચ્ચ આકાંક્ષાઓ, મોટા સપના જોવા અને તે સપનાઓને વાસ્તવિકતામાં ફેરવવા માટે સખત મહેનત કરવા પર આધાર રાખે છે," તેમણે કહ્યું.નારાયણ મૂર્તિએ જણાવ્યું હતું કે, "એક પેઢીએ આગળના જીવનને સુધારવા માટે ઘણા બલિદાન આપવા પડે છે. મારા માતા-પિતા, ભાઈ-બહેન અને શિક્ષકોએ મારી પ્રગતિ માટે મહત્વપૂર્ણ બલિદાન આપ્યા છે અને મુખ્ય અતિથિ તરીકે અહીં મારી હાજરી આ સાબિતી છે કે તેમનું બલિદાન આમાં નહોતું. નિરર્થક." સમારોહ દરમિયાન, ૧,૬૭૦ ડિગ્રી એનાયત કરવામાં આવી હતી. અનુસ્નાતક વિદ્યાર્થીઓએ ૩૪ ગોલ્ડ મેડલ મેળવ્યા હતા જ્યારે અંડરગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓએ ૧૩ ગોલ્ડ મેડલ મેળવ્યા હતા.

## ટ્રિપલ તલાક કાયદો મુસ્લિમ મહિલાઓને ન્યાય આપી રહ્યો છે,કેન્દ્ર સરકારની એફિડેવિટ

નવીદિલ્હી

કેન્દ્ર સરકારે ટ્રિપલ તલાક કાયદાને લઈને દાખલ કરવામાં આવેલી અરજીના જવાબમાં સુપ્રીમ કોર્ટમાં એફિડેવિટ દાખલ કરી છે. જેમાં કહેવામાં આવ્યું છે કે ટ્રિપલ તલાક કાયદો મુસ્લિમ મહિલાઓને ન્યાય આપી રહ્યો છે. તે વિવાહિત મુસ્લિમ મહિલાઓના અધિકારોનું પણ રક્ષણ કરે છે. પોતાને સુન્ની વિદ્વાનોનું સંગઠન ગણાવતા કેરળના જમીઆતુલ ઉલેમાએ મુસ્લિમ મહિલા અધિનિયમ ૨૦૧૯ને ગેરબંધારણીય ગણાવતી અરજી દાખલ કરી હતી. અરજીમાં કહેવામાં આવ્યું હતું કે જ્યારે સુપ્રીમ કોર્ટે ટ્રિપલ તલાકને અમાન્ય જાહેર કરી દીધો છે તો તેને ગુનો જાહેર ન કરવો જોઈએ.

કેન્દ્ર સરકારે આ અંગે સુપ્રીમ કોર્ટમાં એફિડેવિટ દાખલ કરી છે. સરકારે કહ્યું કે ટ્રિપલ તલાકની પ્રથા મુસ્લિમ મહિલાઓ માટે ઘાતક છે અને તેમની સ્થિતિ દયનીય બનાવે છે. સુપ્રીમ કોર્ટે ૨૦૧૭ માં તેને અમાન્ય જાહેર કર્યા પછી માત્ર થોડા મુસ્લિમ સમુદાયોએ આ પ્રથાને માન્ય તરીકે સ્વીકારી છે. આ પછી પણ ટ્રિપલ તલાકના મામલા સંપૂર્ણપણે બંધ થયા નથી. સરકારે કહ્યું કે ટ્રિપલ તલાકનો ભોગ બનેલા લોકો પાસે પોલીસનો સંપર્ક કરવા સિવાય કોઈ વિકલ્પ નથી. કાયદામાં શિક્ષાત્મક કાર્યવાહીની જોગવાઈના અભાવે પોલીસ કોઈ કાર્યવાહી કરી શકતી નથી. તેથી, આ કાયદામાં કડક જોગવાઈઓની જરૂર છે.

સરકારે દલીલ કરી હતી કે ૨૦૧૯નો કાયદો પરિણીત મુસ્લિમ મહિલાઓ માટે ન્યાય અને સમાનતાના મોટા બંધારણીય લક્ષ્યોને સુનિશ્ચિત કરવામાં મદદ કરે છે. બિન-ભેદભાવ અને સશક્તિકરણના તેમના મૂળભૂત અધિકારોને જાળવવામાં મદદ કરે છે. સરકારે એફિડેવિટમાં એમ પણ કહ્યું છે કે હાલમાં કાયદામાં પોતાની વિવેકબુદ્ધિથી ટ્રિપલ તલાક લેતી પરિણીત મહિલાઓની સુરક્ષા માટે જોગવાઈઓ કરવામાં આવી છે. જ્યારે કાયદામાં કડક કાર્યવાહીની જોગવાઈઓ હોવી જોઈએ.

એફિડેવિટમાં કહેવામાં આવ્યું છે કે સુપ્રીમ કોર્ટ સંસદ દ્વારા પસાર કરાયેલા કાયદાઓની શાણપણ પર વિચાર કરી શકે નહીં. કાયદો શું હોવો જોઈએ તેની ચર્ચા ચાહ કરી શકતી નથી. સરકારે દલીલ કરી હતી કે દેશના લોકો માટે શું સારું છે અને શું નથી તે નક્કી કરવાનું કામ વિધાનસભાનું છે. તેને તેની શક્તિ પ્રમાણે કામ કરવાની છૂટ આપવી જોઈએ. કયું વર્તન ગુનો ગણાશે અને કઈ સજા કરવામાં આવશે તે પણ વિધાનસભા નક્કી કરે છે.

મહિસાગર, ખેડા આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, નડીયાદ, કપડવંજ, કઠલાલ, ઠાસરા, માતર

પંચમહાલ સમાચાર

# લુણાવાડા લુણેશ્વર યજ્ઞશાળા ખાતે ભૂદેવો નૂતન યજ્ઞોપવિત ધારણ કરી હર હર મહાદેવનો જયઘોષ કર્યો



મલેકપુર,
શ્રાવણી પૂર્ણિમાએ ઉજવાતા રક્ષાબંધન અને યજ્ઞોપવિત સંસ્કાર જેવાં પવિત્ર પર્વોમાં હાથે બંધાતી રાખડી જે રક્ષાસૂત્ર અને દેહ પર ધારણ કરાતી જનોઈ કે જે ઉપવીત-સૂત્ર કે બ્રહ્મસૂત્રના તંતુઓના તાણાવાણામાં પણ અનેક સામાજિક અને ધાર્મિક મૂલ્યો વણાયાં છે. રક્ષાબંધન પર્વ શ્રાવણી પૂર્ણિમા નિમિત્તે શાસ્ત્રોક્ત વિધિથી નૂતન યજ્ઞોપવિત ધારણ કરવાનો કાર્યક્રમ લુણેશ્વર મંદિર પાસે આવેલ યજ્ઞશાળા ખાતે યોજાયો હતો. મહીસાગર જિલ્લા સમસ્ત બ્રહ્મ સમાજ રાજયકક્ષા દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં ભૂદેવોએ પવિત્ર પર્વે નૂતન યજ્ઞોપવિત ધારણ કરી હતી વેદાચાર્ય જીજ્ઞેશભાઈ શુક્લ શાસ્ત્રોકત વિધિથી યજ્ઞોપવિત ધારણ કરાવી હતી. ભૂદેવોએ વિશ્વ કલ્યાણની ભાવના સાથે મહાદેવની આરતી સાથે હર હર મહાદેવનો જયઘોષ કર્યો હતો.



મહિસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના મલેકપુર પંથક સહિત દલજીના ચાકલિયા સહિત સમગ્ર મહિસાગર જિલ્લામાં રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી

# અમેરિકા અને દક્ષિણ કોરિયા વચ્ચે શરૂ થઈ મિલિટરી એક્સરસાઈઝ

સિઓલ
યુએસ અને દક્ષિણ કોરિયાના સૈનિકોએ સોમવારે પરમાણુ સશસ્ત્ર ઉત્તર કોરિયા સામે તેમની સંયુક્ત સંરક્ષણ ક્ષમતાઓને મજબૂત કરવાના ઉદ્દેશ્યથી જંગી સૈન્ય અભ્યાસ શરૂ કર્યો. તેને જોતા ઉત્તર કોરિયાએ ફરી એકવાર બંને મિત્ર દેશો પર આરોપ લગાવ્યો છે કે તેઓ હુમલાની તૈયારીમાં રિહર્સલ કરી રહ્યા છે. કોરિયન દ્વીપકલ્પમાં વધી રહેલા તણાવ વચ્ચે આ વાર્ષિક ઉનાળાની કવાયત થઈ રહી છે. ઉત્તર કોરિયાના શસ્ત્રોના પ્રદર્શનના જવાબમાં, યુએસ-દક્ષિણ કોરિયાએ ટિટ-ફોર-ટાટની તર્જ પર સંયુક્ત લશ્કરી કવાયતને વધુ તીવ્ર બનાવી છે.

ઉત્તર કોરિયાના વિદેશ મંત્રાલયે નિવેદન બહાર પાડ્યાના કલાકો બાદ કવાયત શરૂ થઈ હતી. નિવેદનમાં, ઉત્તર કોરિયાએ પુનરોચ્ચાર કર્યો હતો કે આ પ્રકારની કવાયત "આક્રમકતા ઉશ્કેરવા માટે" છે તાલીમ

ઉત્તર કોરિયાના વિદેશ મંત્રાલયના નિવેદન પર યુએસ અને દક્ષિણ કોરિયાના સૈનિકોએ તરત જ પ્રતિક્રિયા આપી ન હતી. 'ઉલચી ફ્રીડમ શિલ્ડ એક્સરસાઈઝ' ૨૯ ઓગસ્ટ સુધી ચાલુ રહેશે, જે ૧૧ દિવસની રહેશે. આ અંતર્ગત, 'કમ્પ્યુટર-સિમ્યુલેટેડ વૉર ગેમ' અને 'લાઈવ-ફાયર' કસરત સહિત ૪૦ થી વધુ પ્રકારની કસરતો કરવામાં આવશે. આ કવાયતમાં લગભગ ૧૯ હજાર દક્ષિણ કોરિયાના સૈનિકો ભાગ લેશે, પરંતુ અમેરિકાએ કવાયતમાં ભાગ લેનાર તેના સૈનિકોની સંખ્યાની પુષ્ટિ કરી નથી.

અત્રે એ પણ જણાવી દઈએ કે આ પહેલા અમેરિકા અને દક્ષિણ કોરિયાએ જોઈન્ટ ન્યુક્લિયર ડિટરન્સ ગાઈડલાઈન્સ પર હસ્તાક્ષર કર્યા હતા. ઉત્તર કોરિયાના વધતા પરમાણુ ખતરાને ધ્યાનમાં રાખીને પ્રતિકારને વધુ મજબૂત કરવા માટે આ એક મહત્વપૂર્ણ અને મૂળભૂત પગલું હોવાનું કહેવાય છે. યુએસ પ્રમુખ જો બિડેન અને દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ યુન સુક યેઓલે તેને 'જબરદસ્ત પ્રગતિ' ગણાવી હતી. અહીં એ જાણવું પણ જરૂરી છે કે દક્ષિણ કોરિયા પાસે કોઈ પરમાણુ હથિયાર નથી.

# રક્ષાબંધન અને શ્રાવણિયો સોમવાર: ગુજરાતના મંદિરોમાં રંગેચંગે ઉજવણી

અમદાવાદ,
શ્રાવણ માસનો આજે ત્રીજો સોમવાર અને રક્ષાબંધનનાં તહેવારને લઈ શિવ ભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો હતો. સોમનાથ મહાદેવ મંદિર ખાતે આ સોમવારે પણ શ્રદ્ધાળુઓ છે તે મોડી રાત્રી થી જ મહાદેવના મંદિરે પહોચી ગયા હતા. વહેલી સવારે ૪ કલાકે જ શ્રદ્ધાળુઓ ની મોટી કતારો મંદિર પરિસર મા જોવા મળી હતી

અનેક શિવ ભક્તો પગપાળા ચાલતા ચાલતા જ કિલો મિટરો દૂર થી સવારે મંદિર ખાતે પહોંચી મહાદેવ સામે રૂબરૂ થયા હતા ખાસ કરી ને આજે રક્ષા બંધન નો પવિત્ર તહેવાર અને રજા નો દીવ હોવના કારણે મોટી સનખયમાં બહેનો પણ દર્શને પહોંચી પોતાના ભાઈ ના લાંબા આયુષ્ય ની કામના કરી હતી વહેલી સવારે ૭ વાગ્યાની આરતીમા હજારો ની સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચ્યાં હતા.

રક્ષાબંધનના પવિત્ર પર્વ પર પ્રથમ જ્યોતિર્લિંગ દેવાધી દેવ સોમનાથ મહાદેવના ચરણોમાં આવેલી બહેનોએ પોતાના ભાઈઓ અને પરિવારની સુખાકારીની પ્રાર્થના કરી હતી. તો સાથે જ સરહદ પર દેશની રક્ષા કરનારા સૈનિકોને પોતાના ભાઈ માની તેમના લાંબા આયુષ્ય અને સુખાકારીના આશીર્વાદ પણ માગ્યા.

ચોટીલાના ઐતિહાસિક ઝરીયા મહાદેવ મંદિર ખાતે શિવ ભક્તો ઉમટી પડ્યા હતા. ચોટીલા થી આશરે ૧૫ કિલોમીટર દૂર પર્વતમાળાઓ વચ્ચે આવેલું ઐતિહાસિક ઝરીયા મહાદેવ મંદિરે શ્રાવણ માસના સોમવારે હર હર મહાદેવના નાદ સાથે શિવ ભક્તો ઉમટી પડ્યા હતા.

કુદરતી વાતાવરણ વચ્ચે પહાડોમાંથી કુદરતી રીતે શિવલિંગ પર પાણી ઝરીને અભિષેક થતો હોવાથી આ મંદિર ઝરીયા મહાદેવ તરીકે પંથકમાં પ્રચલિત બન્યું છે. લોક વાયકામાં પાંડવ કાળથી આ મંદિર અહીં હોવાનું કહેવાય છે. આખો શ્રાવણ માસ રાજકોટ, ભાવનગર, મુંબઈ સૌરાષ્ટ્ર અને ગુજરાત ભરમાંથી ભક્તજનો ખૂબ મોટી સંખ્યામાં અહીં મહાદેવજીના દર્શને આવે છે અને ઝરીયા મહાદેવ મંદિરના દર્શન કરી અભિભૂત થાય છે

ઊંઝા ઉમિયાધામમાં રક્ષાબંધનને લઈ ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. સવારથી દૂર દૂરથા ભક્તો માં ઉમિયાનાં દર્શનાર્થે પહોચ્યા હતા. માં ઉમિયાનાં દર્શન માટે ભક્તોની લાંબી લાઈનો લાગી હતી. માં ઉમિયાનાં દર્શન કરી ભક્તો ધન્ય બન્યા હતા. માં ઉમિટા કડવા પાટીદારોનાં કુળદેવી છે.

સાળંગપુર કષ્ટભંજન હનુમાનજી મંદિરે આજે પવિત્ર શ્રાવણ માસ અને રક્ષાબંધન નિમિત્તે હનુમાનજી દાદાને ભક્તોએ મોકલેલ રાખડીના વાઘાનો શણગાર અને સિહાસને નાળિયેરીના પાનનો દિવ્ય શણગાર કરાયો છે. તેમજ સંતોએ હરિભક્તોને રાખડી બાંધીને રક્ષાબંધન પર્વ ની ઉજવણી કરી હતી. ત્યારે સવારથી મોટી સંખ્યામાં ભક્તોએ દાદાને રાખડી અર્પણ કરીને દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

આજે યાત્રાધામ શામળાજી ખાતે ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. પૂર્ણિમાં અને રક્ષાબંધનનાં પાવન પર્વ નિમિત્તે હજારો ભક્તો દર્શનાર્થે ઉમટ્યા હતા. વહેલી સવારથી ભગવાન શામળિયાનાં દર્શન માટે ભક્તોની લાંબી લાઈન લાગી હતી. ભક્તો રક્ષાબંધન નિમિત્તે ભગવાન માટે રાખડી લઈને આવ્યા હતા. ભગવાન સન્મુખ ભક્તોએ રાખડી અર્પણ કરી હતી. બપોરે ૨ વાગ્યા બાદનાં શુભ મુહૂર્તમાં ભગવાનને રાખડી બંધાશે. હજારો ભક્તોની રક્ષાનાં તાંતણે શામળાજી બંધાશે. વહેલી સવારથી હજારો ભક્તો દર્શન કરી ધન્ય બન્યા હતા.

# જામનગરની ખાનગી શિપિંગ કંપની સાથે રૂપિયા. ૮.૬૨ લાખની છેતરપિંડી

જામનગર
જામનગરમાં ટાઉનહોલ વિસ્તારમાં આવેલી એક શિપિંગ કંપની સાથે કોઈ સાઈબર ઠગે બોગસ ઈ-મેલ આઈડી નો દૂર ઉપયોગ કરીને ફલોટિંગ ક્રેઈન માટેનું જરૂરી ઓઈલ મોકલવવા માટેનું કોટેશન મંગાવી તેનું પેમેન્ટ પોતાના ખાતામાં જમા કરાવી લઈ શિપિંગ કંપનીને માલ નહીં મોકલી ૮ લાખ ૬૩ હજાર થી વધુ ની છેતરપિંડી કરી હતી.જે અંગે ની ફરિયાદ જામનગર ની ખાનગી કંપનીના પરચેસ એક્ઝિટિવ પ્રતીક ચંદ્રેશભાઈ ઓઝા દ્વારા જામનગરના સાઈબર ક્રાઈમ પોલીસ મથકમાં નોંધાવાઈ છે.

સાઈબર ક્રાઈમ પોલીસે બોગસ ઈમેલ આઈડીનો ઉપયોગ કરી ઓનલાઈન છેતરપિંડી કરનાર સામે આઈપીસી કલમ ૪૦૬,૪૨૦, ૧૨૦-બી તથા આઈ.ટી એકટની કલમ ૬૬ ડી મુજબ ગુનો નોંધ્યો છે, અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

ઉપરોક્ત ચિટર શકસ દ્વારા કંપનીને ફલોટીંગ ઓઈલ મોકલવા ના બહાને ડીલિંગ કરી તે અંગેની ૮,૬૨,૧૮૪ ની રકમ બેંક મારફતે પોતાના ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધી હતી, અને આજ દિન સુધી માંગ્યા મુજબ નો માલ સામાન કે રૂપિયા પરત મોકલ્યા ન હોવાથી આખરે ઉપરોક્ત મેઈલ આઈડી ધારક સામે ફરિયાદ નોંધાવાઈ છે, જે અજાણ્યા શખ્સની શોધખોળ ચલાવાઈ રહી છે.

# એન્ટોની બ્લિંકન તેલ અવીવ પહોંચ્યા અને ઈઝરાયેલે ગાઝા પર હુમલો કર્યો, ૨૪ લોકોના મોત

તેલઅવીવ
હમાસ અને ઈઝરાયેલ વચ્ચે યુદ્ધવિરામ વાટાઘાટો બુધવારે કૈરોમાં ફરી શરૂ થવાની છે. બુધવાર અને ગુરુવારે ઈજિપ્ત, કતાર અને યુએસ અને ઈઝરાયેલના પ્રતિનિધિમંડળ મંત્રણામાં ભાગ લેશે.

અમેરિકી વિદેશ મંત્રી એન્ટની બ્લિંકન પણ મંત્રણાને આગળ વધારવા માટે તેલ અવીવ પહોંચ્યા હતા. યુદ્ધ શરૂ થયા બાદ આ તેમની ઈઝરાયેલની ૧૦મી મુલાકાત છે. આ દરમિયાન ઈઝરાયેલે ગાઝામાં ૪૦ ટાર્ગેટ પર હુમલો કર્યો. જેમાં ૨૪ લોકોના મોત થયા હતા. મૃતકોમાં એક મહિલા અને તેના છ બાળકો પણ સામેલ છે.

ઈઝરાયેલે નાગરિકોને નિશાન બનાવવાનો ઈન્કાર કર્યો છે. એ પણ કહ્યું કે શનિવારે અધિકૃત પશ્ચિમ કાંઠે જેનિનમાં હમાસના બે આતંકવાદીઓ અહમદ અબુ આરા અને રાફેત દાવાસી હવાઈ હુમલામાં માર્યા ગયા હતા. અમેરિકાના વિદેશ મંત્રી તેમની મુલાકાત દરમિયાન ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ અને અન્ય વરિષ્ઠ અધિકારીઓને પણ મળશે.

નેતન્યાહુએ કેબિનેટની બેઠકમાં કહ્યું કે ઈઝરાયેલ ગાઝામાં બંધક રાખવામાં આવેલા પોતાના બંધકોને પરત લાવવા માટે વાતચીતમાં વ્યસ્ત છે. પરંતુ વાટાઘાટો દરમિયાન, જે સિદ્ધાંતો સુરક્ષા માટે મહત્વપૂર્ણ છે તે પણ જાળવી રાખવા પડશે. એવી કેટલીક બાબતો છે જેના વિશે આપણે લવચીક હોઈ શકીએ છીએ અને કેટલીક વસ્તુઓ વિશે આપણે લવચીક હોઈ શકતા નથી અને આપણે તેના પર ભાર મૂકીએ છીએ. અમે સારી રીતે જાણીએ છીએ કે બંને વચ્ચે કેવી રીતે તફાવત કરવો.

હમાસે નેતન્યાહુ પર મંત્રણાને અવરોધવા માટે નવી શરતો રજૂ કરવાનો આરોપ લગાવ્યો હતો. વાટાઘાટોની વિગતો જાહેર કરવામાં આવી નથી, પરંતુ કેટલાક મુખ્ય મુદ્દાઓ પર મતભેદ છે. દરમિયાન, લેબનોનના દક્ષિણી ગામ યારીન પાસે વિસ્ફોટમાં યુએનના ત્રણ શાંતિ રક્ષકો ઘાયલ થયા હતા. પીસકીપીંગ મિશનએ કહ્યું કે ઘટનાની તપાસ ચાલી રહી છે. મિશનએ જણાવ્યું હતું કે હિઝબુલ્લાહ દ્વારા કરવામાં આવેલા હુમલા અને જવાબી કાર્યવાહીને પગલે એક ડઝન પીસકીપર્સ ઘાયલ થયા છે.

# સુરેન્દ્રનગરમાં પાટડીની ધ નાગરિક સહકારી બેંકની ચૂંટણીમાં વિકાસ પેનલની જીત

સુરેન્દ્રનગર
સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા તાલુકાના પાટડી ખાતે આવેલ ધી નાગરિક સહકારી બેંકની ચૂંટણીમા બે મહિલા બિનહરીફ થતાં બાકીના ૧૨ ડિરેક્ટર માટેની ચૂંટણી ૧૮ ઓગસ્ટે યોજાઈ હતી જેમા ૪,૩૧૯ સભાસદમાંથી ૨,૬૧૩ સભાસદે મતદાન કરતા ૬૦.૭૩ ટકા મતદાન થયુ હતુ. મતદાન પ્રક્રિયા પુર્ણ થયા બાદ મતગણતરી શરૂ કરવામાં આવી હતી, જે ૧૯ તારીખ વહેલી સવાર સુધી મતગણતરી ચાલી હતી ગ્રામજનો તથા રાજકીય વર્તુળોની આતુરતાનો અંત આવ્યો હતો અને વિકાસ પેનલની ભવ્ય જીત થઈ હતી

પાટડી સહકારી નાગરિક બેંકની ચૂંટણી ગત વર્ષની સરખામણી ખૂબ ચર્ચાસ્પદ રહી બંને પક્ષો દ્વારા ફુલ જોશમાં પ્રચાર પ્રસાર કરવામાં આવ્યો હતો આ ઉપરાંત કોંગ્રેસ ડેલીગેટ વિક્રમ રબારી દ્વારા અનુસુચિત જાતિ અનામત બેઠક માટે લવાદ કોર્ટ સુધી લડત લડવામાં આવી હતી અને અંતે અનુસુચિત જાતિ માટે અનામત બેઠક ફાળવવામાં આવી હતી ત્યારબાદ સોશિયલ મીડિયામાં પ્રચાર ચાલ્યો હતો.

આ ઉપરાંત વિવિધ પત્રિકાઓ પણ ફરતી થઈ હતી પરંતુ પ્રજાલક્ષી પેનલની હાર થઈ છે જ્યારે વિકાસલક્ષી પેનલના મૌલેશ પરીખ સહિતના દ્વારા પુરજોશમાં પ્રચાર કરવામાં આવ્યો હતો જેમાં દસાડાના ધારાસભ્ય પણ જોડાયા હતા કડવા પાટીદાર હોલમાં મતદાન અને મતગણતરી યોજાઈ હતી જ્યા મોડી રાત્રી સુધી લોકોનો જમાવડો જોવા મળ્યો હતો અંતે વિકાસ પેનલની જીત અને પ્રજાલક્ષી પેનલનો વિજય થયો હતો પરંતુ હારનાર પ્રજાલક્ષી પેનલના આઈકોન વિક્રમ રબારીની પેનલની હાર થવા છતાં લોકોએ લડતને બિરદાવી હતી.

# ખૈબર પખ્તુનખ્વામાં સતત આતંકવાદી હુમલા, પોલીસકર્મીઓને નિશાન બનાવાયા

ઈસ્લામાબાદ
ઉત્તર-પશ્ચિમ પાકિસ્તાનમાં એક પોલીસ સ્ટેશન પર આતંકવાદીઓ દ્વારા કરવામાં આવેલા હુમલામાં સ્ટેશન ઈન્ચાર્જ સહિત બે પોલીસકર્મીઓ માર્યા ગયા હતા. પોલીસે જણાવ્યું હતું કે, રવિવારે રાત્રે ભારે હથિયારોથી સજ્જ આતંકવાદીઓએ ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના આતંકવાદ પ્રભાવિત લક્કી મારવત જિલ્લામાં બરગઈ પોલીસ સ્ટેશન પર હુમલો કર્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર હુમલામાં એક પોલીસકર્મીનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે ઘાયલ પોલીસ સ્ટેશન ઈન્ચાર્જનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું હતું. પોલીસે જણાવ્યું કે એક્કાઉન્ટર દરમિયાન ઈન્ચાર્જને ઘણી ગોળીઓ વાગી હતી અને હુમલા પહેલા આતંકવાદીઓ પોલીસ સ્ટેશનની નજીકના એક ઘરમાં છુપાઈ ગયા હતા.

ઉત્તર-પશ્ચિમ પાકિસ્તાનમાં રવિવારે અન્ય એક હુમલામાં, આતંકવાદીઓએ ફ્રન્ટિયર કોન્સ્ટેબલરીના વાહનોને નિશાન બનાવ્યા, જેમાં ઓછામાં ઓછા બે સૈનિકો માર્યા ગયા અને અન્ય ત્રણ ઘાયલ થયા. પોલીસના જણાવ્યા અનુસાર, આતંકવાદીઓએ ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના ડેરા ઈસ્માઈલ ખાન જિલ્લાના મદ્દી વિસ્તારમાં સુરક્ષા દળોના કાફલા પર હુમલો કર્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, હુમલામાં બે જવાન શહીદ થયા છે અને અન્ય ત્રણ ઘાયલ થયા છે, જેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

આ દરમિયાન અહીં એ પણ જણાવી દઈએ કે તાજેતરમાં જ ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચેની અથડામણ દરમિયાન તહરીક-એ-તાલિબાન પાકિસ્તાનના સાત આતંકવાદીઓ માર્યા ગયા હતા. સેનાની મીડિયા વિંગ 'ઈન્ટર-સર્વિસિસ પબ્લિક રિલેશન્સ'એ એક નિવેદનમાં કહ્યું હતું કે કુર્રમ જિલ્લામાં આતંકવાદીઓની હાજરી વિશે ગુપ્ત માહિતીના આધારે તેમની વિરુદ્ધ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. સુરક્ષા દળોએ કરેલી કાર્યવાહીમાં સાત આતંકવાદીઓ માર્યા ગયા હતા, જ્યારે પાંચ આતંકવાદીઓ ઘાયલ થયા હતા. આતંકવાદીઓના ગુપ્તચર ઠેકાણાનો પણ પર્દાફાશ કરવામાં આવ્યો હતો અને ત્યાંથી મોટી માત્રામાં હથિયારો, દારૂગોળો અને વિસ્ફોટકો મળી આવ્યા હતા.

## આપની આજ.......

મેષ:પરિવારમાં કોઈ શુભ કાર્યના આયોજન અંગે ચર્ચા થશે. તમારા જીવનધોરણને સુધારવા માટે તમારે ફક્ત તે વસ્તુઓ ખરીદવી જોઈએ જે કાયમી ઉપયોગ માટેની હોય. કોઈ વિશેષ મહેમાન સાંજે આવી શકે છે.

વૃષભ: આજનો સમય ઝડપથી આગળ વધવાનો છે. તમારી અનઅપેક્ષિત પ્રગતિ જોઈને દરેક જણ આશ્ચર્યચકિત થઈ જશે. તમે પણ તમારી સિદ્ધિઓ જોઈ શકો છો. પ્રગતિની આ ગતિ કાયમી રાખવી તે તમારું મુખ્ય કાર્ય હોવું જોઈએ, નહીં તો ભવિષ્યમાં તમારી પ્રતિષ્ઠાને નુકસાન થઈ શકે છે.

મિથુન: ખરીદી અને વેચાણના મામલે લાભ થશે. આજે તમને દિવસ દરમિયાન સારા સમાચાર મળશે. મિત્રો સાથે રમૂજ વધશે. બિનજરૂરી મુશ્કેલીઓથી દૂર રહો. ધાર્મિક સ્થળોની મુસાફરીનો યોગ છે.

કર્ક: આજે પ્રયાસ બાદ તમને પરેશાનીઓમાંથી થોડી રાહત મળશે. ધીમે ધીમે હવે તમારું નસીબ પણ તમને ટેકો આપશે. તમને જણાવી દઈએ કે આજે તમને વધતી આર્થિક મુશ્કેલીઓમાંથી પણ મુક્તિ મળશે.

સિંહ: આજે કોઈપણ નવા સંપર્કથી લાભ મળશે. આ ઉપરાંત ભૂતકાળના સંદર્ભમાં સંશોધનનો લાભ આજે મળી શકે છે. જો તમારા પૈસા ઘણાં સમયથી અટક્યા છે તો આજે તમે તે મેળવી શકો છો. પરંતુ આ માટે તમારે પ્રયત્ન કરવો પડશે. પારિવારિક જવાબદારીઓમાં બેદરકારી ના રાખો.

કન્યા:ગણેશજી કહે છે, કન્યા રાશિના લોકોને આજે ઉચ્ચ અધિકારીઓની નિકટતાનો લાભ મળવાની તક મળશે. આયાત-નિકાસના ધંધામાં પણ નફાનો યોગ છે. આધ્યાત્મિકતા અને ધાર્મિક કાર્યમાં પણ રુચિ વધશે.

તુલા: આજનો દિવસ બહેન અને ભાઈની ચિંતામાં વિતાવશો. કદાચ આજે તમે તેમની કારકિર્દી અથવા વ્યક્તિગત જીવનને સેટ કરવા માટે ટેન્શનમાં છો. પરંતુ ધ્યાનમાં રાખો કે આ બધી સમસ્યાઓ તમારા પ્રયત્નોથી પણ ઉકેલાઈ શકે છે. પરિવાર પ્રત્યે તમારું આ સમર્પણ તમને સુખ આપશે.

વૃશ્ચિક: આજે પરિવારમાં સારા સમાચાર મળશે. પરંતુ કાર્ય-વ્યવસાયના ક્ષેત્રમાં આવતી સમસ્યાઓ તમારા પર ભારે ના થવા દો. નહીં તો તમારો માનસિક તણાવ પણ વધી શકે છે. તે તમારા સ્વાસ્થ્ય માટે સારું રહેશે નહીં.

ધન: આજે ધંધાને લઈને ખાસ ચિંતિત રહેશે. જેનું કારણ એ છે કે છેલ્લાં ઘણાં દિવસોથી તમારો વ્યવસાય નિયમિત રહ્યો નથી. પરંતુ ધ્યાનમાં રાખો કે અસ્વસ્થ થવાની જગ્યાએ જો તમે વ્યવસાયની સમસ્યા ઉકેલવાનો કોઈ માર્ગ શોધવાનો પ્રયાસ કરો છો તો તે તમારા માટે સારું રહેશે.

મકર: આજે તમારે કોઈ વિશેષ પ્રકારની ભાગદોડ કરવી પડશે. પરંતુ તેના પરિણામો પણ ફાયદાકારક રહેશે. તમારું કાર્ય ઉત્સાહથી પૂર્ણ કરો. જો તમે નોકરીમાં હોવ તો પણ આજે તમને લાભ મળવાની સંભાવના છે.

કુંભ: આજે કોઈ કારણોસર ચિંતિત અને પરેશાન રહેશે. કેટલીક સમસ્યાઓ વાસ્તવિક હશે. આજે સામાજિક અને વ્યાવસાયિક ક્ષેત્રમાં વિરોધીઓની ભીડ તમારી સામે આવી શકે છે. તમે ફક્ત તમારી હિંમત અને બુદ્ધિથી આ લોકોને હરાવી શકો છો.

મીન: આજે અભ્યાસ અને અધ્યાત્મમાં રુચિ વધવાની સંભાવના છે. વિવાદપૂર્ણ બાબતોનો અંત આવશે. આજે કોઈને ઉધાર આપવાનું ટાળો. નહીં તો તે પરત મળવાની સંભાવના નહિવત્ છે. તમારા માતા-પિતા અને ગુરુની સેવા અને આદર કરો. જે તમને દરેક ક્ષેત્રમાં લાભ આપશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહોદ જિલ્લામાં રંગેચંગે રક્ષાબંધન તહેવારની ઉજવણી

દાહોદ,
દાહોદ શહેર સહિત જિલ્લામાં આજરોજ હિન્દુ ધર્મનો પરિવત્ર તહેવાર એવા રક્ષાબંધનની ભાઈ–બહેનો દ્વારા રંગેચંગે ઉજવણી કરી હતી. બહેનોએ પોતાના ભાઈઓને રાખડી બાંધી તેઓની લાંબી ઉમર માટે પ્રાર્થના કરી હતી.

પવિત્ર શ્રાવણ માસના પ્રારંભ સાથે રક્ષાબંધનના તહેવારથી હિન્દુ ધર્મના તહેવારોનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે આજરોજ ભાઈ–બહેનોનો પવિત્ર એવા તહેવાર રક્ષાબંધનના તહેવારને લઈ દાહોદ શહેર સહિત જિલ્લામાં લોકોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. દાહોદના બજારોમાં રાખડી, મીઠાઈ, ફરસાણની દુકાનોમાં ખરીદી માટે લાંબી લાઈનો પણ જોવા મળી હતી. તો બીજી તરફ આજરોજ રક્ષાબંધનના તહેવારને લઈ બહેનોનેએ પોતાના ભાઈઓને રાખડી બાંધી તેઓના લાંબા આયુષ્ટની કામના સાથે ભાઈઓએ બહેનોની રક્ષા કરવા માટે કટીબધ્ધ બની રક્ષાબંધનનો તહેવાર ઉજવ્યો હતો. વડિલો, વૃધ્ધો સહિત નાના ભુલકાઓ દ્વારા રક્ષાબંધન પર્વની હર્ષોઉલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી.



ગરબાડા ની ખરોડ નદી કિનારે આવેલ શિવ મંદિરે ગરબાડા નગરના ભૂદેવો દ્વારા બળેવ પર્વની વિધિવત રીતે ઉજવણી કરવામાં આવી હતી

## ગરબાડા તાલુકાના ખારવા ગામે બાઈક ચાલકે રોડ ક્રોસ કરતા આધેડને અડફેટે લેતાં અકસ્માત સર્જાયો.



ગરબાડા,
ગતરોજ સાંજના સમયે ગરબાડા તાલુકાના ખારવા ગામે બસ સ્ટેશન નજીક થી એક વૃદ્ધ રોડ ક્રોસ કરી રહ્યો હતો ત્યારે ગરબાડા થી દાહોદ તરફ પુર ઝડપે જતા બાઈક ચાલકે રોડ ક્રોસ કરી રહેલ ખારવા ગામના આધેડને અડફેટે લીધો હતો રોડ પર પટકાતા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા લોહીલુહાણ થયો હતો જ્યારે ચાલકને પણ શરીરના ભાગે ઈજાઓ પહોંચી હોવાનું જણાવ્યું જાણવા મળે છે.

## સીંગવડના ધામણબારી ગામે જુગારધામ ઉપર રેઈડ કરી ૬ જુગારીયાઓને ઝડપી પાડ્યા

દાહોદ ,
દાહોદ જિલ્લાના સીંગવડ તાલુકાના ધામણબારી ગામે ધામણબારી ગામે જાહેરમાં પાના પત્તા વડે પૈસાથી રમાતા જુગારના અડ્ડા પર પોલીસે ઓચિંતો છાપો મારતાં જુગારીઓમાં નાસભાગ મચી જવા પામી હતી. પોલીસે ૦૬ જુગારીઓને ઝડપી પાડી તેઓની અંગ ઝડતી તેમજ દાવ પરથી કુલ રોકડા રૂપીયા ૪૮,૧૯૦ની રોકડ રકમ કબજે કર્યાનું જાણવા મળે છે.

ગત તા.૧૮મી ઓગષ્ટના રોજ પોલીસને મળેલ બાતમીના આધારે ધામણબારી ગામે ખુલ્લી જગ્યામાં રમતા જુગારના અડ્ડા પર પોલીસે ઓચિંતો છાપો મારી જુગાર રમી રહેલા મહેશભાઈ વીરસીંગભાઈ પરમાર, રાજેશભાઈ વીરસીંગભાઈ રાવત, રમણભાઈ બકુભાઈ બારીયા, પ્રકાશભાઈ ફુલાભાઈ પરમાર, દલાભાઈ રેવલાભાઈ પરમાર અને અશ્વિનભાઈ શંકરભાઈ પરમારને પોલીસે ઝડપી પાડી તેઓની અંગ ઝડતી તેમજ દાવ પરથી કુલ રોકડા રૂપીયા ૪૮,૧૯૦ની રોકડ રકમ કબજે કરી હતી.આ સંબંધે રણધીકપુર પોલીસે જુગાર ધારાની કલમ મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદ જિલ્લામાંથી એલ.સી.બી.પોલીસે ૧,૭૦,૦૦૦નો દારૂ અને બિયરનો જથ્થો ઝડપ્યો

દાહોદ,
દાહોદ એલસીબી પોલીસે એકદજ દિવસામાં ધાનપુર તેમજ લીમખેડા તાલુકામાંથી વિદેશી દારૂ તથા બીયરના જથ્થા સાથે કુલ રૂા.૧,૭૦,૬૧૫નો મુદ્દામાલ કબજે કર્યાનું જાણવા મળે છે.

દાહોદ જિલ્લામાં પ્રોહીબીશનની પ્રવૃતિઓને અટકાવવા, જુગારની પ્રવૃતિઓને અટકાવવા, નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા, અસામાજીક તત્વોને ઝડપી પાડવા વિગેરે જેવા ગુન્હાઓનો ભેદ ઉકેલવા માટે દાહોદ જિલ્લા પોલીસ વડાની સુચના અને માર્ગદર્શન હેઠળ દાહોદ જિલ્લાની તમામ પોલીસ કામગીરી કરી રહી છે ત્યારે દાહોદ એલસીબી પોલીસને મળેલ બાતમીના આધારે એકજ દિવસમાં ધાનપુરના નાકટી ગામે શેરડીના ખેતરમાં ઓચિંતી તપાસ હાથ ધરતાં ખેતરમાંથી વિદેશી દારૂની બોટલો નંગ.૯૧૫ કિંમત રૂા.૧,૪૪,૪૬૫નો વિદેશી દારૂ કબજે કર્યો હતો જ્યારે લીમખેડાના હાથીયાવન ગામેથી પોલીસે એક રહેણાંક મકાનમાં ઓચિંતી તપાસ હાથ ધરતાં રહેણાંક મકાનમાંથી પોલીસે વિદેશી દારૂનો બોટલો નંગ.૬૦ કિંમત રૂા. ૨૬,૧૫૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ બંન્ને બનાવમાં પોલીસે ગોપાલભાઈ પર્વતભાઈ બારીયા અને રમેશભાઈ કલાભાઈ કટારા વિરૂધ્ધ દાહોદ એલસીબી પોલીસે પ્રોહીબીશનનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીના ચકચારી નિખિલ હત્યા કેસમાં ૯ વર્ષ બાદ સીબીઆઈને તપાસ સોંપાઈ






મોરબી
શહેરના સૌથી ચકચારી નિખિલ હત્યા કેસને નવ વર્ષ જેટલો સમય થવા આવ્યો છે અગાઉ સ્થાનિક પોલીસ અને સીઆઈડીએ તપાસ કર્યા છતાં નવ વર્ષમાં હજુ હત્યારા પકડાયા નથી કે હત્યાનું કારણ પોલીસ જાણી ના શકી હોય જેથી પરિવારે સીબીઆઈ તપાસ માંગી હતી જેને હાઈકોર્ટે મંજુર કરી છે હાઈકોર્ટે હત્યા કેસની તપાસ સીબીઆઈને સોંપવાનો હુકમ કર્યો છે

તા. ૧૫-૧૨-૨૦૧૫ ના રોજ શનાળા રોડ ન્યુ ગુજરાત હાઉસિંગ બોર્ડમાં રહેતા પરેશભાઈ ધામેચાનો ૧૩ વર્ષનો પુત્ર નિખિલ તપોવન વિદ્યાલયમાંથી છૂટયા બાદ ઘરે પહોંચ્યો ના હતો અને પરિવારે અપહરણની ફરિયાદ નોંધાવી હતી જેમાં એક ઈસમ બ્લેક એક્ટિવામાં અપહરણ કરી જતો જોવા મળ્યો હતી બાદમાં રામઘાટ પાસે કોથળામાં વીંટેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો

જે હત્યા કેસની પોલીસે તપાસ ચલાવી હતી જોકે નિખિલના હત્યારા કોણ છે તેના સુધી પોલીસ પહોંચી સકી ના હતી કે કારણ પણ જાણી ના શકી હતી નિખિલ સાથે સૃષ્ટિ વિરુધ્ધનું કૃત્ય થયાનું પણ પીએમ રિપોર્ટમાં ખુલ્યું હતું

જેથી પરિવારની માંગણીને ધ્યાને લઈને તપાસ સીઆઈડીને સોંપવામાં આવી હતી પરંતુ સીઆઈડી ટીમે પણ વર્ષો સુધી તપાસ ચલાવ્યા બાદ કોઈ પરિણામ લાવી શકી ના હોય જેથી પરિવારે સીબીઆઈ તપાસ માંગી હતી હાઈકોર્ટે નિખિલ હત્યા કેસમાં વર્ષોની તપાસ બાદ પણ સીઆઈડી કોઈ નિષ્કર્ષ સુધી પહોંચી ના હોવાનું નોંધ્યું હતું અને પરિવારની માંગણી સ્વીકારી કેસની તપાસ સીબીઆઈને સોંપવાનો આદેશ કર્યો છે

# ગરબાડાના પાંદડી ગામેથી ૧૧ ફુટ લાંબા અજગરનુ રેસ્કયુ કરાયુ



ગરબાડા,
ગરબાડાના પાંદડી ગામેથી ગરબાડાની ઓલ એનિમલ રેસ્કયુ ટીમએ ૧૧ ફૂટ લાંબા અજગરનું રેસ્કયુ કરી ફોરેસ્ટ એરિયામાં રિલીઝ કરવામાં આવ્યો હતો.

ગરબાડા તાલુકાના પાંદડી ગામે તારીખ ૧૮ ના રાત્રિના સમયે એક ઘરની બાજુમાં અજગર જોવા મળ્યો હતો જેની જાણ ઓલ એનિમલ રેસ્કયું ટીમને કરવામાં આવી હતી ઘટનાની જાણ થતા ની સાથે જ ટીમ સ્થળે પહોંચી હતી અને અજગર ને પકડવાની કવાયત હાથ ધરી હતી જેમાં ઓલ એનિમલ રેસકયું ટીમ દ્વારા ૧૧ ફૂટ લાંબા અજગરના ઝડપી પાડી ફોરેસ્ટ એરિયામાં રિલીઝ કરવામાં આવ્યો હતો .

# દાહોદના ગોવિંદનગરમાં ધમધમતા શ્રાવણીયા જુગારધામ પર પોલીસના દરોડા : ૮ ગેમ્બલરો ઝડપાયા





દાહોદ,
દાહોદ શહેરના ગોવિંદ નગર વિસ્તારમાં ખુલ્લી જગ્યામાં ધમધમતા શ્રાવણીયા જુગારગામ પર પોલીસની એન્ટ્રી થતાં નાસભાગના દ્રશ્યો સર્જાયા હતા.જોકે પોલીસે ઘેરો ઘાલી આઠ જેટલા ગેમ્બલરોને જુગાર રમતા ઝડપી પાડ્યા હતા.પોલીસે ઉપરોક્ત જુગારીઓ પાસેથી સાત મોબાઈલ ફોન, રોકડ તેમજ અંગ જડતી દરમિયાન મળેલ રકમ મળી કુલ ૧,૭૭,૪૫૦ ઉપરાંત નો મુદ્દામાલ કબ્જે લઈ આઠેય શકુનિઓ વિરુદ્ધ જુગાર ધારા અંતર્ગત ગુનો દાખલ કરી જેલભેગા કર્યા છે.

શ્રાવણ માસ દરમિયાન દાહોદ જિલ્લામાં કેટલાક સ્થળે શ્રાવણીયો જુગાર રમવાની પરંપરા પ્રચલિત હોય તેમ જુગાર ધામ ધમધમતા હોવાની બૂમો ઉઠતાં દરમિયાન ડીવાયએસપી જગદીશ ભંડારીની બાતમીના આધારે દાહોદ એ ડિવિઝન પોલીસે ગોવિંદ નગર સ્વપન લોક સોસાયટીની પાસે આવેલા ખુશી ટાવરના પાર્કિંગની ખુલ્લી જગ્યામાં ધમધમતા જુગાર ધામ પર પોલીસ ની એન્ટ્રી થતા રંગમાં ભંગ પડ્યો હતો. પોલીસને જોઈ ઉપરોક્ત જુગારીયાઓમાં નાસભાગ મચી જવા પામી હતી.જોકે પોલીસે ઘેરો ઘાલી દરોડા પાડતા સ્થળ પરથી લલિત ગોપાલભાઈ પંચાલ રહેવાસી સ્વપનલોક સોસાયટીની બાજુમાં,ભાવેશ કિશનલાલ પટેલ રહેવાસી સ્વપન લોક સોસાયટી ની બાજુમાં, અનુપ અનિરુદ્ધભાઈ શાહ રહેવાસી ખુશી ટાવર, સ્વપનલોક સોસાયટી, પ્રિતેશ સુરેશભાઈ અગ્રવાલ રહેવાસી ખુશી ટાવર,સલીન ભુપેન્દ્રભાઈ શાહ રહેવાસી ખુશી ટાવર, અંકિત સુભાષચંદ્ર તલાટી સ્વપનલોક સોસાયટીની બાજુમાં પરીન અશોક શાહ રહેવાસી સ્વપનલોક સોસાયટીની બાજુમાં તથા અન્ય એક વ્યક્તિ મળી આઠ જેટલા ખેલીઓને જુગાર રમતા ઝડપી તેમની પાસેથી દાવ પર મુકેલા ૫૧૦૦, અંગજડતી દરમિયાન મળેલ ૪૮,૮૫૦, તેમજ ૧,૨૩,૫૦૦ ના સાત મોબાઈલ મળી કુલ ૧,૭૭,૪૫૦ રૂપિયાનો મુદ્દામાલ મળી આવતા પોલીસે ઉપરોક્ત આઠેય જુગારીયા વિરુદ્ધ જુગારધારા અંતર્ગત ગુનો દાખલ કરી જેલભેગા કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# દે.બારીઆમાં જુગારધામ ઉપર રેઈડ કરી પાંચ જુગારીયાઓને ઝડપી પાડવામાં આવ્યા

દાહોદ,
દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના ઉધાવણા ગામે જાહેરમાં પાના પત્તા વડે પૈસાથી રમાતા જુગારના અડ્ડા પર પોલીસે ઓચિંતો છાપો મારતાં જુગારીઓમાં નાસભાગના દ્રશ્યો સર્જાઈ જવા પામ્યાં હતાં. પોલીસે જુગાર રમી રહેલા ૦૫ જુગારીઓને ઝડપી પાડી તેઓની અંગ ઝડતી તેમજ દાવ પરથી કુલ રોકડા રૂપીયા ૯,૮૦૦ની રોકડ રકમ સાથે ૦૩ મોબાઈલ ફોન મળી કુલ પોલીસે કુલ રૂા.૨૨,૬૧૦નો મુદ્દામાલ કબજે કર્યાનું જાણવા મળે છે.

ગત તા.૧૮મી ઓગષ્ટના રોજ પોલીસને મળેલ બાતમીના આધારે દેવગઢ બારીઆના ઉધાવળા ગામે નાકટી ફળિયામાં જાહેરમાં ખુલ્લી જગ્યામાં રમતા જુગારના અડ્ડા પર પોલીસે ઓચિંતો છાપો મારી પોલીસે જુગાર રમી રહેલા ઈશ્માઈલુ રસુલભાઈ ભીખા, સત્તારભાઈ ઉર્ફે બોખો અબ્દુલાભાઈ શુકલા, નિશારભાઈ મજીદ શુકલા, ફિરોજભાઈ સત્તરભાઈ મેચાઉ અને ઈકબાલ નાનાભાઈ રસીદવાળાને પોલીસે ઝડપી પાડી તેઓની અંગ ઝડતી તેમજ દાવ પરથી કુલ રોકડા રૂપીયા ૯,૮૦૦ની રોકડ રકમ સાથે ૦૩ મોબાઈલ ફોન મળી કુલ રૂા.૨૨,૬૧૦નો મુદ્દામાલ પોલીસે કબજે કરી આ સંબંધે દેવગઢ બારીઆ પોલીસે જુગાર ધારાની કલમ મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સાગઠિયાની જેલમાંથી પણ ગઠિયાબાજી, બહેને જેલમાં આપી ચિઠ્ઠી

રાજકોટ
ચોર ચોરી સે જાયે, પર હેરાફેરી સે ન જાયે તે કહેવત સાગઠિયા પર બિલકુલ બંધ બેસતી લાગે છે. ટીઆરપી મોલ કાંડમાં સસ્પેન્ડ કરવામાં આવેલા રાજકોટના ટીપીઓ સાગઠિયાનું વધુ એક કરતૂત સામે આવ્યું છે. રક્ષાબંધનની રાખડી બાંધવા માટે સાગઠિયાને જેલમાં મળવા માટે તેની બહેન આપી હતી. તેની બહેને અચાનક જ સાગઠિયાને ચિઠ્ઠી આપી હતી, પણ સાગઠિયાની બહેનની ચાલાકી જેલની પોલીસની નજરમાં આવી ગઈ હતી. પોલીસે તરત જ આ ચિઠ્ઠી તેમના કબ્જામાં લઈ લીધી હતી. આ ચિઠ્ઠી હવે જેલના તંત્રના કબ્જામાં છે.

જો કે જેલના તંત્રએ શું લખ્યું હતું તેની માહિતી આપી નથી. તેના લીધે રહસ્યના અનેક વમળો સર્જાયા છે. આના પરથી તે સંભાવના પ્રબળ બની છે કે સાગઠિયા જેલની અંદરથી પણ સેટિંગની ગતિવિધિઓ કરે છે. હાલમાં તો જેલના તંત્ર પાસે સાગઠિયાની આ જ ચિઠ્ઠી પકડાઈ છે.

આ ચિઠ્ઠી તે પુરવાર કરે છે કે જેલમાં બેઠાબેઠા પણ સાગઠિયાના અનેક વહીવટો જારી છે. હવે તે કોના વહીવટ કરે છે તે હજી સુધી સ્પષ્ટ થયું નથી. આ વહીવટ તેનો પોતાનો છે કે તે બીજાના વહીવટ કરે છે તેનો કોઈ ફોડ હજી સુધી સ્પષ્ટ થયો નથી.

હવે જો આ ચિઠ્ઠી જાહેર થાય તો ઘણા બધા રહસ્યો પર પ્રકાશ પડી શકે છે. પણ આ જેલનું તંત્ર મગનું નામ મરી પાડવા તૈયાર નથી. હવે સાગઠિયાની બહેનની ચિઠ્ઠી પરથી લાગે છે કે સાગઠિયાનું કામકાજ અટકી ગયું નથી. જેલમાં બેઠાબેઠા પણ તેનો કારોબાર ચાલે જ છે.

સાગઠિયા જેલમાં ગયો તો પણ તેનું કુટુંબ જે ધામધૂમથી તહેવારો મચાવી રહ્યુ છે તે બતાવે છે કે સાગઠિયાની કમાણી હજી ચાલુ છે, પણ તેના સ્રોતની તંત્રને ખબર નથી અથવા તો ખબર છે તે લોકો પણ કદાચ તેના રાજકીય પીઠબળના ડરના લીધે ચૂપ છે.

આ બતાવે છે કે શું ભ્રષ્ટાચાર કરનારા આટલા બિન્દાસ્ત છે. સાગઠિયા હજી પણ આટલો બેખૌફ કેમ છે. તેના નાણાકીય વ્યવહારોને લઈને આગળ કેમ કોઈ કાર્યવાહી થતી નથી કે પછી સાગઠિયા પછી ફક્ત બલિનો બકરો જ છે.થોડો સમય થશે અને બધાના સ્મૃતિપટલ પરતી ટીઆરપી મોલ કાંડ ભૂંસાઈ જશે પછી આ જ સાગઠિયા જામીન પર બહાર ફરતો હશે તેવા અનેક સવાલો હવામાં છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.305

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# ધી ગોધરા સીટી કો-ઓપ બેંક લી.ગોધરાની ઐતિહાસીક શતાબ્દી મહોત્સવની ઉજવણી તારીખ : ૧૭ ઓગસ્ટ અને ૧૮ ઓગસ્ટ ૨૦૨૪નાં રોજ ગોધરા શહેરના ''કેશવ કથા કુંજ'',શ્રી સ્વામીનારાયણ મંદિર, રામનગર સોસાયટી, ભુરાવાવ, ગોધરા ખાતે યોજાઈ

ગોધરા, તારીખ ૧૭ ઓગસ્ટનાં રોજ રાત્રીનાં ૮ કલાકે દેશ-વિદેશમાં ખ્યાતનામ મોટીવેશનલ સ્પીકર ''કાજલ ઓઝા વૈદ્ય''ની ઉપસ્થિતી તેમજ ગોધરા શહેરનાં લોકલાડીલા ધારાસભ્ય સી.કે. રાઉલજી સહિત શહેરના સહકારી સંસ્થાઓના ચેરમેન અને ડીરેકટરઓ તેમજ બેંકના ખાતેદારો,ગ્રાહકો, નિવૃત કર્મચારીઓ અને બેંકના બોર્ડ ઓફ ડીરેકટરઓ ની હાજરીમાં ''શતાબ્દી મહોત્સવ નિમિતે ''કાજલ ઓઝા વૈદ્ય'' દ્વારા સ્વપન, સંઘર્ષ અને સફળતા




તેમજ શ્રી કૃષ્ણ- ધી માર્કેટીંગ ગુરૂ ના વિષયે ખૂબ જ પ્રેરણાદાયક વકતવ્ય થી ઉપસ્થિત બેંકના સભાસદો, ગ્રાહકો વિગેરે મંત્રમુગ્ધ થયેલ આજના ' કાજલ ઓઝા વૈદ્ય'' ના પ્રેરણાદાયક કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ગોધરા શહેરના નામાંકિત તથા નગરજનો ઉપસ્થીત રહ્યા હતા.

તારીખ ૧૮ ઓગસ્ટનાં રોજ સવારે ૧૦ કલાકે બેંકની મુખ્ય શાખાનુ નવનિર્મિત મકાનનુ તકિત અનાવરણ તથા આધુનિક કોમ્પ્યુટરાઈઝ ઓફિસનુ પ્રવેશ કાર્યક્રમ પ.પૂ.ગો. શ્રી દવારકેશલાલજી મહોદય તેમજ રાજયસભાના સાંસદ જશવંતસિંહ પરમાર તથા ધારાસભ્ય સી.કે.રાઉલજી તેમજ ગુજરાત અર્બન બેંક ફેડરેશનના ચેરમેન જયોતિન્દ્રભાઈ મહેતા, ગુજરાત રાજય સંઘના ચેરમેન ધનશ્યામભાઈ અમીન, ગુજરાત એગ્રીકલ્ચર બેંક ના ચેરમેન ડોલરરાય કોટેચા, ભાજપા ગુજરાત સહકારી સેલના સંયોજક બિપીનભાઈ પટેલ (ગોતા), તેમજ અન્ય સહકારી આગેવાનો અને રેન્જ આઈ.જી રાજેન્દ્રભાઈ અસારી સાહેબ, પંચમહાલ જીલ્લા રજીસ્ટ્રાર ડી.કે.ખેર સાહેબ વિની ઉપસ્થિતીમાં નવિનીકરણ કરેલ મુખ્ય



શાખાનું ઉદઘાટન કરવામાં આવ્યુ જેમાં મોટી સંખ્યામાં બેંકના બોર્ડ ઓફ ડીરેકટરર્સઓ, સભાસદો વિગેર હાજર રહી બેંક પ્રગતિ માટે શુભેચ્છા પાઠવી હતી.

ત મ ા મ મહાનુભાવોની હાજરીમાં ''કેશવ કથા કુંજ''રામનગર સોસાયટી, શ્રી સ્વામીનારાયણ મંદિર ખાતે બેંકના ૧૦૦ વર્ષના ભવ્ય ઈતિહાસની ઝાંખી કરાવતો ''શતાબ્દી સ્મૃતિ ગ્રંથ''નુ વિમોચન અને શતાબ્દી વર્ષ નિમિતે પૂજય મહારાજશ્રી એ બેંકને પ્રગતિ અંગે આર્શીવચન પાઠવી તેમજ અન્ય મહાનુભાવો પણ સંસ્થા ઉતરોતર ખૂબ પ્રગતિ કરે અને બેંકના ચેરમેન તેમજ બોર્ડ ઓફ ડીરેકટરશ્રીઓ દવારા બેંકના પૂર્વ ડીરેકટરઓ, બેંકના નિવૃત કર્મચારીઓ, ઘણા સમયથી બેંક સાથે જોડાયેલ સભાસદો, બેંક સાથે ઘણા સમયથી બેંકની પ્રગતિમાં સાથ આપનાર સભાસદો અને થાપણદારોનુ પધારેલ મહાનુભાવોનાં હસ્તે શાલ અને શિલ્ડ અર્પણ કરી બહુમાન કરેલ.બેંકના ચેરમેન કે.ટી. પરીખે સ્વાગત પ્રવચનમાં બેંકના ભવ્ય ઈતિહાસની ગાથા રજુ કરેલ જેમાં બેંકના ૧૦૦ (એકસો) વર્ષમાં પ્રગતિમાં સાથ આપનાર સ્થાપકો, અત્યાર સુધીનાં સંચાલકોને બિદાવેલ તેમજ બેંકની રૂપરેખા રજુ કરી ગ્રાહકોને વિનંતી, ઝડપી અને સુરક્ષીત સેવાઓ પુરી પાડવા માટે બેંક સંચાલકોની પ્રતિબધ્ધતા વ્યકત કરેલ.બેંકના સંચાલકો પર વિશ્વાસ રાખી બેંક સાથે સતત જોડાયેલા અને બેંકની પ્રગતિમાં સાથ આપનાર સભાસદો, થાપણદારો અને ખાતેદારોનો આભાર માન્યો હતો.બેંકના બંને દિવસના કાર્યક્રમનુ સુંદર સરસ સંચાલન બેંકના ઓફીસરશ્રી રાજુભાઈ લાલવાણી એ કરેલ તેમજ આભારવિધિ બેંકનાંસીઈઓ શ્રી મનોજભાઈ શાહે કરેલ

## પંચમહાલ જિલ્લામાં રક્ષાબંધનના તહેવારની ઉજવણી કરવામાં આવી

ગોધરા, પંચમહાલ જિલ્લાના તાલુકાઓમાં રક્ષાબંધન પર્વની ઉજવણી કરાઈ હતી.જ્યારે ભાઈ બહેનના હેતના આ પર્વમા બહેન એ પોતાના વીરા ને તિલક કરી રાખડી બાંધવા સાથે મો મીઠું કરાવ્યું હતું.જ્યારે ભાઈ એ પણ યથાશક્તિ પોતાની બહેનને ભેટ આપી હતી.જ્યારે બ્રાહ્મણોએ પણ બળદેવ ના પવિત્ર પર્વને લઈને વૈદિક મંત્રોચ્ચાર સાથે જનોઈ બદલી હતી.

જિલ્લામા ભાઈ-બહેનના પવિત્ર પ્રેમના પર્વ રક્ષાબંધનની આસ્થા ભેર ઉજવણી કરવામાં આવી હતી. રક્ષાબંધનના આગલા દિવસે રાખડી બજારમાં બહેનોએ ભાઈઓ માટે રાખડીઓની ખરીદી કરવા માટે ભીડ જોવા મળી હતી.રક્ષાબંધનના દિવસે બહેનોએ કુમકુમ તિલક કરી ભાઈઓને રાખડી બાંધી આરતી ઉતારી ને સૂખમય લાંબા જીવન માટે પ્રાર્થના કરી હતી.ભાઈઓએ રાખડી બાંધવા આવેલી બહેનોએ મનગમતી ભેટ પણ આપી હતી,બહેનોએ રાખડી બાંધીને મીઠાઈ ખવડાવીને મોઢુ મીઠું કરાવ્યું હતું. બજારોમાં આવેલ મીઠાઈઓની દુકાનો પર મીઠાઈ ખરીદવા માટે ભીડ જોવા મળવા સાથે ગત વર્ષ કરતા આ વખતે મીઠાઈના ભાવોમાં થોડો ઘણો વધારો થયો હતો. જ્યારે ભૂદેવોએ વૈદિક મંત્રોચ્ચાર સાથે સમૂહ મા જનોઈ બદલી હતી. સબ જેલ ખાતે પણ રક્ષાબંધન પર્વને લઈને જેલમાં સજા ભોગવતા કેદીઓને તેમની બહેનો રાખડી બાંધવા માટે આવી હતી. એસટી વિભાગ દ્વારા પણ આ વખતે પર્વને દયાનમાં લઈને વધુ બસો દોડાવવામાં આવી હતી. સારી વ્યવસ્થા ને કારણે એસટી બસમાં મુસાફરી કરતા મુસાફરો સમયસર સ્થળ પર પહોંચી શકયા હોવા સાથે એસટી વિભાગ ને પણ સારી એવી આવક આ વખતે થવા પામી હતી. પોલીસ તંત્ર દ્વારા પણ મહત્વના સ્થળો પર બંદોબસ્ત ગોઠવવામાં આવા સાથે પોલીસ સ્ટેશન ખાતે પણ રક્ષાબંધન પર્વની ઉજવણી કરાઈ હતી નગર અને તાલુકામાં તેમજ સમગ્ર જિલ્લામાં રક્ષાબંધનના પવિત્ર તહેવારની આનંદ અને ઉલ્લાસ ભર્યા વાતાવરણમાં ઉજવણી કરવામાં આવવા સાથે કોઈ અનિચ્છનીય ઘટના પણ બનવા પામી ન હતી.

## રક્ષાબંધન અને બળેવના પવિત્ર તહેવારને લઈને ગોધરા શહેરના બ્રહ્મ સમાજ એકમ દ્વારા સમૂહ યજ્ઞોપવિત પરિવર્તિતનો કાર્યક્રમ યોજાયો

ગોધરા, શ્રાવણ માસની પૂર્ણિમા એટલે રક્ષબંધન અને બળેવનો પવિત્ર તહેવાર. આ દિવસે બહેનો પોતાના ભાઈની રક્ષા માટે રાખડી બાંધતી હોય છે. તો બ્રાહ્મણ બંધુઓ પણ આ જ દિવસે પોતાની યજ્ઞોપવિત બદલતા હોય છે. યજ્ઞોપવિત બદલવાનો કાર્યક્રમ મોટાભાગે સમૂહમાં કરવામાં આવતો હોય છે. ત્યારે પંચમહાલ જિલ્લાના ગોધરા શહેરમાં પણ યજ્ઞોપવિત બદલવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ ગોધરા એકમ દ્વારા આજે શહેરના અંકલેશ્વર મહાદેવ મંદિરના હોલમાં યજ્ઞોપવિત



બદલવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં બ્રહ્મ બંધુઓએ સામુહિક વેદ મંત્રોચ્ચાર કરી, વિશ્વ કલ્યાણની ભાવના સાથે સમગ્ર દેવી દેવતા, ઋષિ મુનિ ઓની પૂજા અર્ચના કરી પવિત્ર યજ્ઞોપવિત ધારણ કરી હતી. આ કાર્યક્રમમાં મોટાથી માંડી બાળકો એ પણ હાજર રહી યજ્ઞોપવિત બદલી હતી. યજ્ઞોપવિત પરિવર્તિતના આ કાર્યક્રમ બાદ એકમ દ્વારા મહાપ્રસાદીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.સમસ્ત બ્રહ્મ સમાજ ગોધરા દ્વારા બળેવ નિમિત્તે યજ્ઞો પવિત્ર પરિવર્તન કાર્યક્રમ દર વખતની જેમ ચાલુ વર્ષે પણ અંકલેશ્વર મહાદેવ ખાતે કરવામાં આવ્યો. આ ધાર્મિક કાર્યક્રમના દાતા ગોપાલભાઈ ઉપાધ્યાય છે. આ કાર્યક્રમમાં બ્રહ્મ સમાજ ગોધરા પ્રમુખ હિતેશભાઈ ભટ્ટ, બ્રહ્મ સમાજ રાજ્ય કક્ષાના જિલ્લા પ્રમુખ કુણાલભાઈ ત્રિવેદી, બ્રહ્મ સમાજના આગેવાનો પ્રકાશભાઈ દીક્ષિત, કકુલભાઈ પાઠક, મનોજભાઈ જોશી, વિનાયક શુક્લ ,જેપી ત્રિવેદી, ડોક્ટર શ્યામ સુંદર શર્મા ,કેતન ખંભોળજા રાકેશ વ્યાસ, જયદીપ ગોર તેમજ વિવિધ ગોળના બ્રાહ્મણો ના કાર્યક્રમમાં જોડાયા હતા. કાર્તિકભાઈ ત્રીવેદી અને નયનેશભાઈ દવેએ શુભેચ્છા પાઠવી હતી.

## ગોધરાની ખાનગી શાળાનું સોશિયલ મીડિયામાં ફેક આઈડી બનાવી શિક્ષકોના નામ એડિટ કરીને બદનામી કરતા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી

ગોધરા, પ્રાપ્ત માહિતી મુજબ ગોધરા શહેરના આઈટીઆઈની પાછળ આવેલી જય યોગેશ્વર સોસાયટીમાં રહેતા પંથીલ નિલેશભાઈ પંચાલે ગોધરા શહેર એ ડિવિઝન પોલીસમથકે ફરિયાદ નોંધાવી હતી, જેમાં તેઓએ જણાવ્યું હતું કે તેઓ ગોધરા શહેરના આરટીઓ રોડ પર આવેલી અમન ડે નામની ખાનગી શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે, ત્યારે ગત ૫ ઓગષ્ટ બપોરે અઢી વાગ્યાના સુમારે અજાણ્યા ઈસમે અમન ડે સ્કુલનું સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર ફેક એકાઉન્ટ બનાવ્યું હતું, જેના પર વિડિયો એડિટ કરીને સ્કૂલના શિક્ષકોના નામ એડીટિંગ કરીને બદનામ કરવાના ઈરાદે વિડિયો અપલોડ કર્યો હતો, સમગ્ર મામલો શાળા સંચાલકોને દયાને આવતા મામલો પોલીસમથકે પહોંચ્યો છે, જેમાં ફેક એકાઉન્ટ બનાવનાર અજાણ્યા ઈસમ સામે ગોધરા શહેર એ ડિવિઝન પોલીસમથકે તા ૧૮ ઓગસ્ટ રવિવારે સવારે સાડા અગિયાર કલાકે ફરિયાદ નોંધાવા પામી છે .

## ગોધરાના એપીએમસીમાં કચરામાંથી શાકભાજી વીણતો બાળકનો વીડિયો વાયરલ



ગોધરા, ગોધરામાં તમે શાકભાજીની ખરીદી કરવા નીકળ્યા છો તો એટલી તો ચકાસણી કરીને લેજો કે આ શાકભાજી કચરાના ઢગલામાંથી તો લાવેલું નથી. હાલ ગોધરા એપીએમસી ખાતેનો એક વિડિયો વાયરલ થયો છે જેમાં કચરાના ઢગલામાંથી કેટલાક બાળકો શાકભાજી વીણતા હોવાના દ્રશ્યો સામે આવતા ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે.

ગોધરા ખાતે મોટું એપીએમસી માર્કેટ આવેલું છે. આ માર્કેટમાં રોજબરોજ ખેડૂતો પોતાના પાકનું વેચાણ કરવા માટે મોટી સંખ્યામાં આવતા હોય છે. ત્યારે કેટલાક લોકો દ્વારા બગડેલું શાકભાજી એપીએમસીમાં જ જાહેરમાં ફેંકવામાં આવતું હોવાથી ત્યાં ગંદકીના મોટા ઢગ જોવા મળી રહ્યા છે. સાફસફાઈનો પણ અભાવ હોવાનું સામે આવ્યું છે. ત્યારે એપીએમસીના કચરાના ઢગલામાંથી કેટલાક બાળકો શાકભાજી કાઢીને તેને બજારમાં વહેંચવા માટે લઈ જતા હોવાનું બહાર આવ્યું છે. બીજી તરફ બગડેલું અને કચરાના ઢગલામાં નખાયેલું શાકભાજી જો બજારમાં વેચાય તો લોકોના સ્વાસ્થ્ય સાથે પણ ખુલ્લેઆમ ચેડા થતા હોવાનું મનાઈ રહ્યું છે. ત્યારે એપીએમસીના જવાબદાર સત્તાધીશો દ્વારા આ સમગ્ર મામલે તપાસ કરવામાં આવે બાળકોને કોણ આ રીતે શાકભાજી કચરાના ઢગલામાંથી વીણવા માટે મોકલે છે તે પણ એક તપાસનો વિષય છે. કારણ કે એક બાળક નહીં પરંતુ ત્રણથી ચાર બાળકો કચરાના ઢગલામાંથી બગડેલું ફેકાયેલું શાકભાજી થેલીમાં ભરીને લઈ જતા હોવાનો વિડીયો વાઈરલ થયો છે.

## ગોધરા શહેરમાં ગણેશોત્સવને લઈને શહેરીજનો દ્વારા તૈયારીઆ શરૂ કરવામાં આવી

ગોધરા, સમગ્ર ગોધરા શહેરમાં રંગેચંગે ઉજવાતા શ્રી ગણેશોત્સવની ઉજવણી કરવા માટે તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે, ગોધરા શહેરના તમામ શ્રી ગણેશ મંડળના આયોજકો દ્વારા મંડપ બાંધવાથી લઈને તમામ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે, ત્યારે ગોધરા શહેરમાં તા ૧૮ ઓગષ્ટ રવિવારથી વિદનહર્તા ગણેશજીના આગમનની શરૂઆત થઈ છે, ગોધરા શહેરના પ્રભા રોડ પર આવેલ સરકાર ગ્રુપ દ્વારા સૌપ્રથમ ગણેશજીના આગમનની શોભાયાત્રા યોજવામાં આવી હતી, ગોધરા શહેરના સરદારનગર ખંડ ખાતેથી ડીજે અને લાઈટિંગ સાથે નીકળી આ શોભાયાત્રા નિજ મંડપ પહોંચી હતી, રવિવારે રાત્રે દસ કાલે આયોજિત શોભાયાત્રામાં પંચમહાલ સાંસદ રાજપાલસિંહ જાદવ પણ જોડાયા હતા.તેઓએ શ્રીજીના રથને ખેંચીને ધન્યતા અનુભવી હતી.

## ગોધરાના ચિખોદ્રા ગામના સરપંચને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપવામાં આવી

ગોધરા, ગોધરા તાલુકાના ચિખોદરા ગામના સરપંચને બે ઈસમો દ્વારા આંતરીને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપવામાં આવી હતી, સમગ્ર ઘટનાને લઈને ગોધરા શહેર બી ડિવિઝન પોલીસમથકે ફરિયાદ નોંધાવા પામી છે, તો આ ઘટનાના સીસીટીવી ફૂટેજ વાયરલ થયા છે

પ્રાપ્ત માહિતી મુજબ ગોધરા તાલુકાના ચિખોદરા ગામે આવેલી મરિયમ મસ્જિદ પાછળ રહેતા અને સરપંચ તરીકે સેવા આપતા સીરાજ યુસુફ જાતે દોલતી ગોધરા શહેર બી ડિવિઝન પોલીસમથકે ફરિયાદ નોંધાવી હતી, જેમાં તેઓએ જણાવ્યું હતું કે ગત ૧૬ ઓગષ્ટ બપોરે દોઢ કલાકે તેઓ ઘરેથી બાઈક લઈને વણાકપુર ખાતે ફાર્મ ઉપર જવા નીકળ્યા હતા, ત્યારે ગોધરા નજીક કોઠી સ્ટીલ પાસે આવેલી ગાજી હોટલ નજીક તેઓના ગામના જ ફુજેલ હનીફ ખંડુ તથા ઉસ્માન હનીફ ખંડુ નામના ઈસમો બાઈક લઈને આવ્યા હતા, જે બાદ બંને ઈસમોએ સિરાજ દોલતીને આંતરીને કહેવા લાગ્યા હતા કે ,કેમ તમે મારા શેઠ સુલ્તાન અબ્દુલા મલાનેઅવારનવાર હેરાન કરો છે, તેઓની કેમ ખોટી ખોટી વાતો કરો છો, તેમ કહીને અપશબ્દો બોલવા લાગ્યા હતા, જેથી અપશબ્દો બોલવાની ના પાડતા બંને ઈસમો ઉશ્કેરાઈ જઈને ઝપાઝપી કરવા લાગ્યા હતા,જે બાદ જણાવ્યું હતું કે આજ પછી જો સુલ્તાન અબ્દુલા મલાની કોઈ પણ ખોટી વાતો કરી છે. તો તમને જાનથી મારી નાખીશુ તેવી ધમકીઓ આપીને જતાં રહ્યા હતા, ત્યારે સમગ્ર ઘટનાને લઈને ગોધરા શહેર બી ડિવિઝન પોલીસમથકે ફરિયાદ નોંધાવા પામી છે, જ્યારે આ સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ તા ૧૯ ઓગસ્ટ સોમવારે સોશ્યલ મીડિયામાં વાયરલ થતાં સિરાજ યુસુફ દોલતીએ પ્રતિક્રિયા આપી હતી.

## સદ્ભાવના મિશન કલાસ મારવાડીવાસ બહારપૂરા ગોધરા દ્વારા રક્ષાબંધનની ઉજવણી એખલાસનું ઉદાહરણ

ગોધરા, સમગ્ર ભારત દેશમાં અનેક ધર્મના લોકો રહે છે અને દરેક ધર્મની ઉજવણી જે તે સમયે હર્ષ અને ઉલ્લાસથી એકમેકથી ઉજવવામાં આવે છે.સદભાવના મિશન કલાસ મારવાડીવાસ બહારપૂરા ગોધરામા મફત શિક્ષણ કોચિંગ કલાસ અભ્યાસ કરતા અનાથ, મધ્યવર્ગના ૧૬૦ થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ અર્થે કોઈ ભેદભાવ કે નાતજાતના ભેદભાવ વગર અહીં મુસ્લિમ સમાજનો



નામાંકિત મશહૂર શિક્ષક ઈમરાન સાહેબ પાસે અચુક આવી જાય છે.

આજ રોજ હિન્દુ ધર્મના પવિત્ર પાવન પર્વ રક્ષાબંધન પર્વની ઉજવણી સદભાવના મિશન કલાસ મારવાડીવાસ બહારપૂરા ગોધરામા અભ્યાસ કરતા તમામ અનાથ મદયવર્ગના વિદ્યાર્થીઓને શિક્ષકશ્રી ઈમરાન સાહેબે એકતા, અખંડિતતા ભાઈચારાનો સંદેશ સાથે રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી અને તમામ બાળકોમાં ખુશીઓ જોવા મળી હતી. સદભાવના મિશન કલાસ બહારપૂરા ગોધરાના સંચાલક ડો સુજાત વલી, શિક્ષક ઈમરાન સાહેબ અને તમામ સમાજના અગ્રણીઓ, આગેવાનોએ વાલીઓને શિક્ષક ઈમરાન સાહેબના આવા સુંદર પહેલ કરતાં તમામએ રક્ષાબંધનની ઉજવણી પર શુભેચ્છાઓ પાઠવી હતી

## પંચમહાલ જિલ્લાની પાંચમી એડી. ડીસ્ટ્રીકટ અને સેશન્સ કોર્ટ દ્વારા ગોધરા તથા ધાર તાલુકા, મધ્યપ્રદેશમાં ચકચાર જગાવનાર હત્યાના આરોપીના રેગ્યુલર જામીન અરજી નામંજુર કરવામાં આવી હતી

ગોધરા, થોડા સમય અગાઉ ગોધરા શહેરમાં એક ચકચારી હત્યાનો બનાવ બન્યો હતો, જેમાં સગાઈ થયેલી યુવતીના પ્રેમપ્રકરણ મામલે પૂર્વ પ્રેમીની યુવતીના કાકા સહિતના ઈસમોએ ફિયાન્સ સાથે મળીને ગોંધી રાખીને માર માર્યા બાદ હત્યા કરી દીધી હતી, તેમજ મૃતદેહને મધ્ય પ્રદેશના જંગલમાં સળગાવી દીધો હતો, આ અંગેનો ગુનો નોંધાયા બાદ ગોધરા શહેર એ ડિવિઝન પોલીસ દ્વારા સમગ્ર ગુનામાં સંડોવાયેલા દિલીપકુમાર વિમલચદજી જૈન, જય ઉર્ફે જીમી દિપકભાઈ શાહ, ધર્મેન્દ્રસિંહ ઉર્ફે ધમો જશવતસિંહ રાઠોડ, રાહુલ રાજીવ સોની, રાજ ઉર્ફે લાડુ સ્વીટુભાઈ શાહ, પૃથ્વીરાજ જશવતસિંહ રાઠોડ, અરૂણ માગીલાલ મુનીયા અને સુખરામ ચંપાલાલ માવી નામના ઈસમોની અટકાયત કરીને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલ્યા હતા, જેમાં આરોપી અરૂણ માગીલાલ મુનીયાએ પાંચમા એડીશનલ ડીસ્ટ્રીકટ સેશન્સ જજ પી.એ.માલવીયાની કોર્ટમાં રેગ્યુલર જામીન અરજી દાખલ કરી હતી, જે રેગ્યુલર જામીન મેળવવાની અરજી પંચમહાલ જિલ્લાના પાંચમા એડીશનલ ડીસ્ટ્રીકટ સેશન્સ જજ પી.એ.માલવીયાની કોર્ટમાં ચાલી જતા જિલ્લા સરકારી વકીલ રાકેશ એસ.ઠાકોરની વિગતવાર દલીલોને દયાને લઈ અરૂણ માંગીલાલ મુનીયાની રેગ્યુલર જામીન અરજી નામંજુર કરવામાં આવી છે.